અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ નવેમ્બર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ પૂનમ (દેવદિવાળી)
વર્ષ : ૧૫
અંક : ૧૧૭
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ લગ્નનો મુદ્દો ઉઠાવ્યો**

**ધનિકોએ ભારતમાં સમારંભ યોજવા વિચારવું જોઈએ : તેનાથી વિકાસમાં મદદ મળશે અને વિદેશ જેવી સુવિધાઓ ભારતમાં પણ મળવા લાગશે**

## ધનાઢ્ય લોકોને વિદેશના બદલે દેશમાં જ લગ્ન સમારંભ યોજવા મોદીની હાકલ

। નવી દિલ્હી, તા.૨૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના મન કી બાદ રેડિયો કાર્યક્રમમાં અલગ અલગ વિષયો ઉઠાવવા માટે જાણીતા છે, જેમાં આ વખતે તેમણે એક નવો જ વિષય હાથમાં લીધો છે. મોદીએ પોતાના કાર્યક્રમમાં કહ્યું કે, ‘‘ધનિક લોકો વિદેશમાં ખર્ચાળ લગ્ન સમારોહ યોજતા હોય છે. પરંતુ શું તેની ખરેખર જરૂર છે?’’ તેમણે ધનાઢ્ય લોકોને વિદેશના બદલે દેશમાં જ લગ્ન સમારંભ યોજવા હાકલ કરી હતી. આમ કરવાથી દેશના નાણાં દેશમાં જ રહેશે. વિદેશમાં વેડિંગ ડેસ્ટિનેશન પર જે સગવડો છે તેવી જ સગવડો ભારતમાં પણ મળે છે તેમ તેમણે કહ્યું હતું.હાલમાં ધનાઢ્ય લોકોમાં વિદેશમાં ખર્ચાળ લગ્ન કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે તેના વિશે મોદીએ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ભારતમાં જ લગ્ન કરવામાં આવે તો વધુ લોકો માટે તક પેદા થશે અને દેશનો વિકાસ પણ થશે.તેમણે કહ્યું કે દેશની અંદર જ લગ્નો યોજવામાં આવે અને વિદેશમાં લગ્ન સમારોહ યોજવાનું ટાળવામાં આવે તો દેશના નાણાં દેશમાં જ રહેશે. આ ઉપરાંત વિદેશ જેવી જ સગવડો ભારતમાં પણ મળવા લાગશે.નરેન્દ્ર મોદી દર મહિને એક વખત રેડિયો પર ‘‘મન કી બાત’’ કરે છે. તેમણે કહ્યું કે વિદેશમાં લગ્ન સમારોહ યોજવાના ટ્રેન્ડના કારણે તેમના દિલમાં દુઃખ થાય છે. ‘‘મારા મનમાં ઘણા સમયથી આ પીડા છે અને આ પીડા મારા પરિવારજનો સમક્ષ ન ઠાલવું તો ક્યાં ઠાલવું? કેટલાક પરિવારો વિદેશ જઈને ત્યાં લગ્ન સમારોહ યોજે છે. શું આ જરૂરી છે? આપણે ભારતીય ભૂમિ પર જ લગ્ન યોજીએ તો દેશના નાણાં દેશમાં જ રહેશે.’’ભારતની



અંદર જ લગ્ન સમારોહ યોજીને તેમણે ‘‘વોકલ ફોર લોકલ’’ના મિશન પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ‘‘કદાચ વિદેશમાં લગ્ન સમારોહમાં જે સગવડો હોય તે કદાચ આપણે ત્યાં ન હોય એવું બની શકે. પ રંતુ આપણે અહીં એવી ઈવન્ટ યોજીશું તો ભારતમાં પણ સિસ્ટમ ડેવલપ થઈ શકે છે. આ વિષય બહુ મોટા ફેમિલીને લગતો છે.’’ તેમણે કહ્યું કે માત્ર ભારતીય પ્રોડક્ટ માટે ‘‘મેડ ઈન ઈન્ડિયા’’નું વલણ હોવું પૂરતું નથી. લોકોએ લગ્ન સમારોહ માટે પણ ‘મેડ ઈન ઈન્ડિયા’નું વલણ અપનાવવું જોઈએ. લગ્નની સિઝનમાં ભારતમાં લગભગ પાંચ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થતો હોય છે તેમ મોદીએ જણાવ્યું હતું.તેમણે કહ્યું કે ‘‘વોકલ ફોર લોકલ’’નો સિદ્ધાંત અનુસરવામાં આવે તો શહેરી અને ગ્રામીણ લોકો માટે એક સરખી તક સર્જાશે. તેનાથી લોકલ પ્રોડક્ટમાં વેલ્યૂ એડિશન થશે. ગ્લોબલ ઈકોનોમીમાં ઉતાર ચઢાવ આવતા હશે તો પણ ભારતીય ઈકોનોમીમાં સ્થાનિક ડિમાન્ડ જળવાઈ રહેશે જેના કારણે કોઈને વાંધો નહીં આવે.પીએમ નરેન્દ્ર મોદીની આજે ૧૦૭મો મન કી બાતનો કાર્યક્રમ હતો. અગાઉ ૧૦૬માં કાર્યક્રમમાં દિવાળીના તહેવાર પર લોકોને તેમના સ્થાનિક દુકાનદારો પાસેથી સામાન ખરીદવાની અપીલ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં હુમલો થયાની વરસી છે. ૨૬/૧૧ના હુમલાને દેશ ક્યારેય ભૂલી શકતો નથી પરંતુ આપણા દેશની તાકાત એવી છે કે આજે આપણે અનેક આતંકવાદને કચડી રહ્યા છીએ. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, આજનો દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ દિવસે આપણા દેશનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું. ૨૦૧૫માં જ્યારે દેશ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

### ન્યૂઝ બ્રિફ

### ટનલમાં ફસાયેલા કામદારોને મોકલવામાં આવ્યા સ્માર્ટફોન

। સિલ્ક્યારા, તા.૨૬ ।

ઉત્તરકાશીના સિલ્ક્યારા ટનલમાં ૪૧ મજૂરો ફસાયાને ૧૫ દિવસ થઈ ગયા છે. અંદર ફસાયેલા કામદારોને આશા છે કે તેમને જલ્દીથી બહાર કાઢવામાં આવશે. જોકે રેસ્ક્યુ ઓપરેશનમાં ઘણી સમસ્યાઓ છે. આ વિલંબને જોતા ટનલના બચાવ કાર્યમાં લાગેલા અધિકારીઓએ અંદર ફસાયેલા કામદારોને સ્માર્ટ ફોન મોકલ્યા છે. આ સ્માર્ટફોન દ્વારા અંદર ફસાયેલા કામદારો લુડો અને સાપ સીડી જેવી ગેમ રમીને તેમનો તણાવ ઓછો કરશે. કામદારોનું ધ્યાન તેમની સમસ્યાઓ પરથી હટાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### બાબા વિશ્વનાથના દરબારને ૧૧ ટન ફૂલોથી શણગાશે

। વારાણસી, તા.૨૬ ।

વારાણસી આખું સજ્જ છે અને દેવ દિવાળી માટે તૈયાર છે. બનારસના ઘાટો પર દીવાઓની કતાર છે. કાશીના વિશ્વનાથ મંદિરને વધુ ભવ્ય અને દિવ્ય બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. કોરિડોરના ઉદ્ઘાટન સમયે મંદિરને તે જ રીતે શણગારવામાં આવી રહ્યું છે. કાશી વિશ્વનાથ મંદિર પરિસરને ૧૧ ટન ફૂલોથી સજાવવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત યોગી સરકાર દ્વારા ૨૭ નવેમ્બરે દેવ દિવાળીની સાંજે શ્રીકાશી વિશ્વનાથ ધામના ગંગા દ્વાર પર ભવ્ય લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

**ટીમે જાહેર કર્યું રિટેન ખેલાડીઓનું લિસ્ટ**

## ગુજરાત ટાઈટન્સ સાથે જ રહેશે હાર્દિક પંડ્યા

। નવી દિલ્હી, તા.૨૬ ।

આઈપીએલ-૨૦૨૪ની હરાજી પહેલા ખેલ જગતમાં જે સૌથી મોટી ચર્ચા ચાલી રહી હતી તેનો આજે અંત આવી ગયો છે. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને રિટેન કરી લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી કે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સમાં સામેલ થઈ શકે છે, પરંતુ ગુજરાત ટાઈટન્સ દ્વારા જાહેર કરવામાં આવેલા લિસ્ટમાં હાર્દિક પંડ્યા સામેલ છે. એટલે કે આગામી સીઝનમાં પણ હાર્દિક પ ંડ્યા ગુજરાત ટાઈટન્સની કમાન સંભાળી શકે છે. આઈપીએલ ૨૦૨૪ માટે આગામી ૧૯ ડિસેમ્બરે હરાજી થવાની છે. આ પહેલા રિટેન અને રિલીઝ ખેલાડીઓનું લિસ્ટ જાહેર કરવા માટે આજે છેલ્લો દિવસ હતો. ગુજરાત ટાઈટન્સના લિસ્ટ પ્રમાણે હાર્દિક પંડ્યાને રિલીઝ કરવામાં આવ્યો નથી. ચર્ચા હતી કે હાર્દિક પંડ્યા ગુજરાત ટાઈટન્સ છોડીને મુંબઈ ઈન્ડિયન્સ સાથે જવા માંગે છે. પરંતુ હવે તમામ અટકળોનો અંત આવી ગયો છે. ગુજરાત ટાઈટન્સે આ ખેલાડીઓને કર્યા રિટેન : ડેવિડ મિલર, શુભમન ગિલ, મેથ્યુ વેડ, રિદ્ધિમાન સાહા, કેન વિલિયમસન, હાર્દિક પંડ્યા (કેપ્ટન), અભિનવ મનોહર, બી સાઈ સુદર્શન, દર્શન નલકાંડે, વિજય શંકર, જયંત યાદવ, રાહુલ તેવટિયા, મોહમ્મદ શમી, નૂર અહેમદ, આર સાઈ કિશોર, રાશિદ ખાન, જોશ લિટલ, મોહિત શર્મા.

**દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે માછીમારોને ચેતવણી**

## અમદાવાદમાં કાળાડિબાંગ વાદળો સાથે તૂટી પડ્યો વરસાદ

**રાજ્યમાં વરસાદને લઇ હવામાન વિભાગ દ્વારા કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ તો કેટલાક વિસ્તારોમાં યેલો અલર્ટ**

। અમદાવાદ, તા.૨૬ ।

આખા ગુજરાતની સાથે અમદાવાદના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. એકાએક અંધારપટ છવાયો છે હતો. અમદાવાદમાં આકાશમાં ચારેતરફ કાળાડિંબાગ વાદળોએ જમાવટ કરી હતી. અમદાવાદના આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. અમદાવાદમાં અંધારપટ છવાતા વિઝિબિલિટી ઘટી છે. અમદાવાદના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદનું આગમન થયું હતું. અમદાવાદના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. હજુ બે દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ હવામાનમાં પલટો આવ્યો છે. અમદાવાદ શહેરમાં સવારથી જ વરસાદી



વાતાવરણ હતું. જે બાદમાં નરોડા, નિકોલ, શાહિબાગ, વાડજ, ઉસ્માનપુરામાં વરસાદ પડ્યો હતો. જોકે વરસાદી વાતાવરણના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. આ સાથે આંબાવાડી, વસ્ત્રાપુર, નહેરુનગર વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. આ સાથે બાવળામાં પણ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં આખો દિવસ ઝરમર વરસાદ પડ્યો હતો. રાજ્યમાં વરસાદને લઈ હવામાન વિભાગે એલર્ટ આપ્યા છે. કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ તો કેટલાક વિસ્તારોમાં યેલો અલર્ટ જાહેર કરાયું છે. સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. તો અમદાવાદ સહીત તાપી, ડાંગ, દાહોદ, છોટાઉદેપુરમાં યેલો અલર્ટ જાહેર કરાયું છે. સૌરાષ્ટ્રમાં પણ યેલો અલર્ટ જાહેર કરાયું છે. રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીરસોમનાથ, બોટાદ, ભાવનગરમાં પણ યેલો અલર્ટ અપાયું છે.



સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

**પંજાબના ગૃહ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી**

## પીએમની સુરક્ષામાં ચૂક મામલે ભટિંડાના એસપી દોષી ઠેરવાયા

। ચંદીગઢ, તા.૨૬ ।

પંજાબ પોલીસે ભટિંડાના એસપી ગુરવિંદર સિંહ સાંગા સામે મોટી કાર્યવાહી કરી છે. તમને જણાવી દઈએ કે પીએમ મોદીની સુરક્ષામાં ચૂક મામલે ગુરવિંદ સિંહ સાંગાને સસ્પેન્ડ કરી દીધા છે. પંજાબના ગૃ હ વિભાગ દ્વારા આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વાસ્તવમાં, ગત વિધાનસભા ચૂંટણી પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ પંજાબના ફિરદૌસ પુરની મુલાકાત આવ્યા હતા. આ સમયે તેમની સુરક્ષામાં મોટી ચૂક થઈ હતી. આ અંગે છેલ્લા દોઢ વર્ષથી તપાસ ચાલી રહી હતી અને હવે તે તપાસ બાદ તત્કાલિન એસપી ગુરવિંદર સિંહને દોષી ઠેરવવામાં આવ્યા હતા. ત્યારે પંજાબ પોલીસે મોટી કાર્યવાહી કરતા સાંગાને સસ્પેન્ડ કરી દીધો છે.સસ્પેંશન બાદ ડીજીપી પંજાબે આ મામલે રિપોર્ટ સોંપ્યો હતો.રિપોર્ટ અનુસાર એસપી ગુરવિંદર સિંહ સાંગા વિરુદ્ધ આ કાર્યવાહી ગૃહ વિભાગના સચિવ ગુરુ કૃપાલ સિંહના આદેશ આપ્યા બાદ શરુ કરવામાં આવી હતી.

**મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા જાપાન**

## ગુજરાતમાં રોકાણ કરવા માટે જાપાન સરકારને આમંત્રણ

। ટોક્યિો, તા.૨૬ ।

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ડેલીગેશને યામાનાશી હાઈડ્રોજન કંપનીના ગ્રીન હાઈડ્રોજનના સપ્લાય, વેચાણ, તેની સર્વિસનો ડેમો જોયો હતો. તમને જણાવી દઈએ કે આ કંપની આગામી વાઈબ્રન્ટ સમિટમાં સહભાગી થવા માટે આતૂર છે. સાથે જ ડેલીગેશને પ્લાન્ટનું નિરીક્ષણ કર્યુ અને તેની વિશેષતાઓ પણ જાણી હતી. યામાનાશી ગવર્નરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલીગેશનનું સ્વાગત કરતા આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધો વધુ સુદ્રઢ બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સાથે જ જાપાન ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં જે નવીન પ્રયોગો અપનાવી રહ્યું છે, તેનું પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન, નેશનલ ઈલેક્ટ્રીક મોબિલિટી મિશન પ્લાન, ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઈમિશનના લક્ષ્યાંક જેવી જે પહેલો થઈ છે તેની વિગતો આપી હતી. ખાસ કરીને ૨૦૩૦ સુધીમાં દેશમાં રીન્યુએબલ એનર્જી સોર્સમાંથી ૫૦૦ ગીગા વોટ ઈન્સ્ટોલ્ડ કેપેસિટીના વડાપ્રધાનના નિર્ધારમાં પણ ગુજરાત અગ્રીમ યોગદાન આપે તેવા રાજ્ય સરકારના ઈનિશિયેટિવ્ઝ મુખ્યમંત્રીએ વર્ણવ્યા હતા.



### ૧૬ વર્ષીય અનાથ સગીરાને લઇ ગુજરાત હાઇકોર્ટનો મોટો ચુકાદો

# પાલિતાણાની ૧૬ વર્ષની સગીરાને ગર્ભપાતની આખરે મંજૂરી મળી

| બનાસકાંઠા,તા.૨૬ |

ગુજરાત હાઈકોર્ટે એક ૧૬ વર્ષની સગીરાને ગર્ભપાતની મંજૂરી આપી છે. વિગતો મુજબ પાલીતાણાની એક ૧૬ વર્ષીય અનાથ સગીરાને ૨૮ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી આપવામાં આવી છે. નોંધનીય છે કે, સામાન્ય સંજોગોમાં ૨૦ સપ્તાહ સુધીના ગર્ભનો ગર્ભપાત શક્ય હોય છે. જોકે આ કેસમાં મેડિકોલિગલ કેસ બનતા હાઈકોર્ટની મંજૂરી લેવી ફરજિયાત બને છે. જેથી હાઈકોર્ટના જસ્ટિસ વિમલ કે.વ્યાસે ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી. પાલિતાણા ગ્રામ્ય પોલીસમાં એક સંસ્થાના અધિકારીએ ૧૬ નવેમ્બરના રોજ ફરિયાદ નોંધાવી હતી. ૧૬ વર્ષીય દુષ્કર્મ પીડિતા અનાથ સગીરાને ૨૮ સપ્તાહનો ગર્ભ હોઈ હાઈકોર્ટથી ગર્ભપાતની મંજૂરી લેવી ફરજિયાત હોઈ કવાયત કરાઈ હતી. જે બાદમાં હાઈકોર્ટના જસ્ટિસ વિમલ કે.વ્યાસે ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી. મહત્વનું છે કે, અનાથ સગીરાને ૨૮ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી અપાઈ છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, ગર્ભપાત બાદ બાળક જીવિત હોય તો તેની સારવાર સહિતની જવાબદારી સરકારની રહેશે. મહત્વનું છે કે, અનાથ સગીરાને ૨૮ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી અપાઈ છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, ગર્ભપાત બાદ બાળક જીવિત હોય તો તેની સારવાર સહિતની જવાબદારી સરકારની રહેશે.

### રાજકોટમાં ફરી એક વાર આરોગ્ય વિભાગના દરોડા

# ડેઝર્ટ એન્ડ શેક માંથી ૨૦ લીટર એક્સપાયરી વાળો દૂધનો જથ્થો ઝડપાયો

| રાજકોટ,તા.૨૬ |

યાજ્ઞિક રોડ પર આવેલી અને એક ગ્લાસ દૂધના ૧૫૦ થી ૨૦૦ રુપિયા વસૂલાતી હોય છે. ડેઝર્ટ એન્ડ શેક માંથી ૨૦ લીટર એક્સપાયરી વાળો દૂધનો જથ્થો ઝડપાયો છે. તગડી કિંમત વસૂલીને પણ કમાણીની લ્હાયમાં કેટલાક તત્વો ગ્રાહકોના આરોગ્ય સાથે સીધા ચેડા કરી રહ્યા છે. હવે આવું એક્સપાયરી ડેટ વાળુ દૂધ પીધા બાદ કોઈ ગ્રાહકને અસર થાય તો તેની કોઈની જવાબદારી છે.

રાજકોટમાં ફરી એક વાર આરોગ્ય વિભાગે દરોડા પાડ્યા છે. યાજ્ઞિક રોડ પર આવેલી અને એક ગ્લાસ દૂધના ૧૫૦ થી ૨૦૦ રુપિયા વસૂલાતી હોય છે. ડેઝર્ટ એન્ડ શેક માંથી ૨૦ લીટર એક્સપાયરી વાળો દૂધનો જથ્થો ઝડપાયો છે. તગડી કિંમત વસૂલીને પણ કમાણીની લ્હાયમાં કેટલાક તત્વો ગ્રાહકોના આરોગ્ય સાથે સીધા ચેડા કરી રહ્યા છે. હવે આવું એક્સપાયરી ડેટ વાળુ દૂધ પીધા બાદ કોઈ ગ્રાહકને અસર થાય તો તેની કોઈની જવાબદારી છે.

જો કે ઉલ્લેખનીય છે કે ગ્રાહકની ફરિયાદ બાદ આરોગ્ય વિભાગની કાર્યવાહીમાં આ પર્દાફાશ થયો છે.આરોગ્યની ટીમે સ્થળ પર જ અખાદ્ય દૂધનો નાશ કરીને નોટિસ ફટકારી હોવાનું અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યુ છે.અહીં સૌથી મોટો સવાલ એ સર્જાય છે કે ગ્રાહકો પાસેથી તગડી રકમ વસૂલ્યા બાદ પણ ખાદ્યસામગ્રીની ગુણવત્તા સાથે ચેડા કેમ કરવામાં આવે છે. સંચાલકો થોડી કમાણી માટે ગ્રાહકોનો જીવ જોખમમાં મુકે છે. શું ખરેખર દૂધની વાનગી બનાવવામાં એક્સપાયરી વાળા દૂધનો ઉપયોગ કરાતો હતો..? શું ખરેખર દૂધની વાનગી બનાવવામાં એક્સપાયરી વાળા દૂધનો ઉપયોગ કરાતો હતો..?



એસજી હાઈવે ગુરુદ્વારાથી યાત્રા નિકળી હતી જે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ફરી હતી.

# જામનગરના ભણગોરમાં પીએસઆઇના ભાઇની કોન્સ્ટેબલે હત્યા કરતા ચકચાર

### જુની અદાવતમાં પીએસઆઇના ભાઇની ઘાતકી હત્યા નિપજાવવામાં આવતા ગામમાં સોપો પડી ગયો હતો

| જામનગર,તા.૨૬ |

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામમાં ગત મોડી રાત્રીના જુની અદાવતમાં પીએસઆઈના ભાઈની ઘાતકી હત્યા નિપજાવવામાં આવતા ગામમાં સોપો પડી ગયો હતો, આશરે પાંચેક વર્ષ પહેલા ટેક્રરમાંથી પાણી ભરવા બાબતે બોલાચાલી થઈ હતી જેનું મનદુ:ખ ચાલ્યુ આવતુ હતું અને ગઇ રાત્રે યુવાન પર છરી વડે હુમલો કરી ઢીમ ઢાળી દેતા ચકચાર મચી ગઇ છે. બનાવ અંગે આરોપી પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણ સામે મોડી રાત્રીના ગુનો દાખલ કરવામાં આવ્યો છે લાલપુર તાલુકાના ભણગોર ગામમાં રહેતા વિરેન્દ્રસિંહ છોટુભા જાડેજા (ઉ.વ.૨૭) નામના યુવાન સાથે આશરે પાંચેક વર્ષ અગાઉ આરોપી રાજદીપસિંહ સાથે પાણીના ટેક્રરમાંથી પાણી ભરવા બાબતે બોલાચાલી થઇ હતી અને આ અંગે મનદુઃખ ચાલતુ હતું. દરમ્યાન ગત રાત્રીના ભણગોર ગામમાં આવેલ ગ્રીન પાન નામની દુકાન પાસે આરોપીઓએ અગાઉના ચાલતા મનદુ:ખનો ખાર રાખી ઉશ્કેરાઇ જઇ વિરેન્દ્રસિંહને ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ આરોપી રાજદીપસિંહે છરી વડે જીવલેણ હુમલો કરી વિરેન્દ્રસિંહને ગળાની પાછળના ભાગે ઘા ઝીંકી દેતા યુવાન લોહી લુહાણ હાલતમાં ઢળી પડયો હતો. ગામમાં ક્ષત્રીય યુવાનની હત્યા થયાનું બહાર આવતા લાલપુર પોલીસની ટુકડી સ્થળ પર અને હોસ્પીટલ ખાતે દોડી ગઇ હતી, તેમજ આગેવાનો પણ દોડી આવ્યા હતા, આ બનાવે ગામમાં ચકચાર મચાવી છે. વધુમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ મરનાર વિરેન્દ્રસિંહના ભાઇ મનોહરસિંહ અમદાવાદ ખાતે પીએસઆઇ તરીકે ફરજ બજાવે છે, જયારે ત્રણ આરોપી પૈકી એક આરોપી રાજદીપસિંહ ઉર્ફે પિન્ટુ જાડેજા પોલીસ કોન્સ્ટેબલ છે અને હાલ જામ જોધપુર પોલીસ સ્ટેશન ખાતે નોકરી કરતો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ભણગોર ગામમાં રહેતા મૃતકના કુટુંબી ભાઇ પ્રદ્યુમનસિંહ લાલુભા જાડેજા (ઉ.વ.૪૪) એ મોડી રાત્રીના લાલપુર પોલીસ સ્ટેશનમાં ભણગોર ગામમાં રહેતા રાજદીપસિંહ ઉર્ફે પિન્ટુ જગદીશસિંહ જાડેજા, જગદીશસિંહ બહાદુરસિંહ જાડેજા અને કુંદનસિંહ રામભા જાડેજા આ ત્રણેયની વિરુધ્ધ આઈપીસી કલમ ૩૦૨, ૧૧૪ તથા જીપીએકટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ નોંધાવતા આ અંગેની તપાસ ઈન્ચાર્જ પીએસઆઇ બી.બી. કોડીયાતર અને સ્ટાફ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ બનાવવા કોઈએ ટેન્ડર જ ન ભર્યુ



| અમદાવાદ,તા.૨૬ |

અમદાવાદના હાટકેશ્વર બ્રિજને લઈ એકવાર મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદના હાટકેશ્વર બ્રિજ બનાવવા કોઈએ રસ દાખવ્યો ન હોવાનું સામે આવ્યું છે. વિગતો મુજબ બ્રિજ તોડી નવો બનાવવા એક પણ કંપનીએ ટેન્ડર નથી ભર્યું. અગાઉ વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજ તોડી નવો બનાવવા માટે ટેન્ડર જાહેર કરાયું હતું. જોકે એક પણ કંપનીએ આ બાબતે ટેન્ડર ભર્યું નથી. વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજને તોડી પાડવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા બાદ હવે ચોંકાવનારા સામે આવ્યા છે. વિગતો મુજબ હાટકેશ્વર બ્રિજને તોડી પાડવા કોઈએ રસ દાખવ્યો ન હોવાનું સામે આવ્યું છે. આ તરફ હવે એક પણ કંપનીએ રસ ન દાખવતાં છસ્ઝ્ર ફરી ટેન્ડર બહાર પાડશે. મહત્વનું છે કે, ૨૫ કરોડના ખર્ચે બ્રિજના સ્પાન તોડી નવા બનાવવા ટેન્ડર બહાર પડાયું હતું. નોંધનિય છે, હાટકેશ્વર બ્રિજના નબળા કામકાજને લઈ બ્રિજ તોડી પાડવા આદેશ અપાયો હતો. જોકે તેને તોડી પાડવાનું ટેન્ડર એક પણ કંપનીએ ભર્યું ન હોવાનું સામે આવતા હવે ફરી એકવાર ટેન્ડર બહાર પાડવામાં આવશે. હાટકેશ્વર બ્રિજના પુનઃનિર્માણમાં ફરી વિવાદથી બચવા કંપનીઓ ટેન્ડરથી દૂર ભાગી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. નોંધનિય છે, હાટકેશ્વર બ્રિજના નબળા કામકાજને લઈ બ્રિજ તોડી પાડવા આદેશ અપાયો હતો. જોકે તેને તોડી પાડવાનું ટેન્ડર એક પણ કંપનીએ ભર્યું ન હોવાનું સામે આવતા હવે ફરી એકવાર ટેન્ડર બહાર પાડવામાં આવશે. હાટકેશ્વર બ્રિજના પુનઃનિર્માણમાં ફરી વિવાદથી બચવા કંપનીઓ ટેન્ડરથી દૂર ભાગી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# અમદાવાદમાં વધુ એકવાર નકલી પોલીસની ઘટના સામે આવી

### રામોલ પોલીસે બંને શખ્સો સામે નકલી પોલીસનો ગુનો દાખલ કરી બંનેએ આચરેલ ગુના અંગે તપાસ શરુ કરી છે

| અમદાવાદ,તા.૨૬ |

રામોલ પોલીસ પેટ્રોલિંગમાં હતીએ દરમિયાન શંકા આધારે પોલીસે બે શખ્સોને રોકીને પૂછપરછ કરી તપાસ હાથ ધરી હતી. તો બંને શખ્સોની પૂછપરછમાં નકલી પોલીસનો ભેદ ઉકેલાયો. રામોલ પોલીસે બંને શખ્સો સામે નકલી પોલીસનો ગુનો દાખલ કરી બંનેએ આચરેલ ગુના અંગે તપાસ શરુ કરી છે. આમ અમદાવાદમાં વધુ એકવાર નકલી પોલીસની ઘટના સામે આવી છે. પોલીસની નજરમાં ગુનેગારો છટકી શકતા હોતા નથી. પોલીસ માટે આવા જવાનો મહત્વનુ અંગ હોય છે કે, જેમની નજર ગુનેગારોને પારખવામાં માહિર હોય છે. આવી જ રીતે રાત્રી દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલ રામોલ પોલીસની ટીમના જવાનની નજરે બે શખ્શો ચડ્યા હતા. બંનેની વર્તણુંક શંકાસ્પદ ભરી જણાતા જ બંનેને રોકીને તેમની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં અસલી પોલીસને નકલી પોલીસ હાથ લાગી હતી. માહિતી પ્રમાણે ૨૩ નવેમ્બરે રામોલ પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે તેઓએ બે શખ્સ યાસીન વોરા અને સરફરાઝ દત્તુને રોકી પૂછપરછ કરી. આ પૂછપરછમાં બને શખ્સો ભાંગી પડ્યા અને પોતે ૧૪ નવેમ્બરે નકલી પોલીસ બનીને ગુનો આચર્યા હોવાની કબૂલાત કરી. બને શખ્સોએ પોલીસને પૂછપરછ દરમિયાન માહિતી આપતા જણાવ્યું કે, તેઓ ૧૪ નવેમ્બરે રામોલમાં સુરતી સોસાયટી પાસે બાઇક સાથે ઉભા હતા. ત્યારે સીટીએમ ખાતે રહેતા કિશન પંચાલ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાઈક પર આવેલ યાસીન વોરા અને સરફરાજ અન્સારીએ કિશનને રોકયો. તે ગેરકાયદેસર ધંધો કરે છે તેવી ધમકી આપી પોલીસ સ્ટેશન લઈ જવા અને કેસ કરવાની ધમકી આપી. જેથી કિસને પોલીસ સ્ટેશન નહિ જવા કહેતા સર્ફરાજે છરી બતાવી કિશન પાસેથી બે મોબાઈલ અને ૧૦૦૦ રૂપિયાની લૂંટ ચલાવી નાસી ગયેલ. પોલીસે માહિતીના આધારે ઘટનાની તપાસ કરી. જે સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા. જે ઘટનામાં પોલીસે ભોગ બનનાર ની ફરિયાદ લઈ બને શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી કરી.

## વિશેષ


### અમદાવાદનો ચેતવણીરૂપ કિસ્સો

# સેટેલાઈટમાં ઘરઘાટીએ જ ઘરમાંથી ૯૫ લાખથી વધુની ચોરી કરી

### આ બનાવ અંગે ઘરે પરત આવતા પોલીસને જાણ કરતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી






અમદાવાદ,તા.૨૬

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા આર્યવ્રત સ્કાય એપાર્ટમેન્ટના એક મકાનમાંથી લાખોની મત્તાની ચોરી થઈ હતી. મકાન માલિક વેપારી પરિવાર સાથે વતનમાં ગયા હતા. તે દરમિયાન તસ્કરો ઘરમાંથી હાથફેરો કરી રોકડ અને સોના ચાંદીના દાગીના સહિત ૯૫ લાખથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થયા હતા. આ બનાવ અંગે ઘરે પરત આવતા પોલીસને જાણ કરતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી.

આ દરમિયાન ઝોન૭ LCB ટીમને સીસીટીવી એનાલિસિસ કરતા એક ચોક્કસ હકીકત મળી હતી કે, રાજસ્થાન બીછીવાડા બોર્ડર પરથી કેટલાક શખ્સો પસાર થવાના છે. જે અંગે તપાસ કરતા એક સગીર અને અન્ય ત્રણ ઈસમોની અટકાયત કરી પૂછપરછ કરતા સગીર પાસેથી ૭.૫૨ લાખ રોકડ કબ્જે કરવામાં આવ્યા. જ્યારે અન્ય ચોરી કરેલ સોના ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ તેના સાગરીતો પાસે હોવાનું સામે આવ્યું હતું. હાલમાં એલસીબી આરોપીઓ ગોવિંદ મેઘવાલ હરીશ કટારા પ્રકાશ યાદવની ધરપકડ કરી ૧૯ લાખથી વધુનો મુદ્દામાલમાં કબ્જે કર્યો છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે, હજી પણ કેટલાક ઈસમો આ ગુનામાં સંડોવાયેલા છે તે પૈકી પાંચેક ઈસમો હાલ પોલીસ પકડથી બહાર છે. જેમની પાસે ચોરીના મત્તામાં ગયેલી રોકડ અને દાગીનાનો મુદ્દામાલ તરીકે હોઈ શકે છે. બીછીવાળા બોર્ડર પાસેથી આરોપી પાસેથી રોકડ ૨૬ લાખથી વધુની રકમ પણ કબજે કરાઈ હતીમહત્વનું છે કે બે વર્ષ અગાઉ ઘરઘાટી તરીકે નોકરી કરી ચૂકેલા શખ્સ ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જ્યારે મકાન માલિક વેપારી દિવાળી વેકેશનમાં બહાર ગયા હોવાનું માલુમ પડતા ઘરઘાટી હરીશ કટારા અને તેના સાગરીતો દ્વારા આ બંધ મકાનમાં ચોરી કરવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું. એટલું જ નહીં હરીશ કટારા નામનો આરોપી ઘરઘાટી તરીકે આર્યવત એપાર્ટમેન્ટમાં જ નોકરી કરતો હતો. હાલમાં એલસીબી આરોપીઓ ગોવિંદ મેઘવાલ હરીશ કટારા પ્રકાશ યાદવની ધરપકડ કરી ૧૯ લાખથી વધુનો મુદ્દામાલમાં કબ્જે કર્યો છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે, હજી પણ કેટલાક ઈસમો આ ગુનામાં સંડોવાયેલા છે તે પૈકી પાંચેક ઈસમો હાલ પોલીસ પકડથી બહાર છે. જેમની પાસે ચોરીના મત્તામાં ગયેલી રોકડ અને દાગીનાનો મુદ્દામાલ તરીકે હોઈ શકે છે. બીછીવાળા બોર્ડર પાસેથી આરોપી પાસેથી રોકડ ૨૬ લાખથી વધુની રકમ પણ કબજે કરાઈ હતીમહત્વનું છે કે બે વર્ષ અગાઉ ઘરઘાટી તરીકે નોકરી કરી ચૂકેલા શખ્સ ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જ્યારે મકાન માલિક વેપારી દિવાળી વેકેશનમાં બહાર ગયા હોવાનું માલુમ પડતા ઘરઘાટી હરીશ કટારા અને તેના સાગરીતો દ્વારા આ બંધ મકાનમાં ચોરી કરવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું. એટલું જ નહીં હરીશ કટારા નામનો આરોપી ઘરઘાટી તરીકે આર્યવત એપાર્ટમેન્ટમાં જ નોકરી કરતો હતો. પણ વેપારીને ત્યાં ચોરી કરવાથી મોટી મત્તા મળી રહેશે તેવી અંદાજને પગલે સગીર સહિત ૮ થી ૯ શખ્સોએ ઘરફોડ ચોરી અંજામ આપ્યો હતો. પકડાયેલા ત્રણેય આરોપીઓ અને અન્ય ફરાર આરોપીઓ મૂળ રાજસ્થાન ડુંગરપુરના રહેવાસી છે. છેલ્લાં ઘણા સમયથી સેટેલાઈટ સહિત આસપાસના વિસ્તારોમાં ઘરઘાટી તરીકે નોકરીની લાલચે પગપેસારો કરતા અને સમય મળે ઘરફોડ ચોરીને અંજામ આપી ગામડે ભાગી જવાની ફિરાકમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. પણ વેપારીને ત્યાં ચોરી કરવાથી મોટી મત્તા મળી રહેશે તેવી અંદાજને પગલે સગીર સહિત ૮ થી ૯ શખ્સોએ ઘરફોડ ચોરી અંજામ આપ્યો હતો. પકડાયેલા ત્રણેય આરોપીઓ અને અન્ય ફરાર આરોપીઓ મૂળ રાજસ્થાન ડુંગરપુરના રહેવાસી છે. હાલમાં આ ઘરફોડ ચોરી કરતી ટોળકીએ અન્ય કોઈ ઘરમાં ચોરીને અંજામ આપ્યો છે કે કેમ તે અંગે પણ પૂછપરછ શરૂ કરાઈ છે.

### મહિલાને બર્થડે પર દુબઈ ન લઈ જતા મામલો બિચક્યો

# પત્નીએ પતિને એવો મુક્કો માર્યો પતિનું મોત નિપજ્યું

## નાલકમાંથી લોહી નીકળતા મહિલાના પતિને હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ પતિને મૃત જાહેર કર્યો

। પુના, તા.૨૬ ।

મહારાષ્ટ્રના પુનામાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક મહિલાએ બર્થડે પર દુબઈ લઈ જવાની ઈચ્છા પૂરી ન કરનારા પતિને જીવલેણ મુક્કો માર્યો. નાક પર જોરથી ઈજા થયા બાદ પતિ બેભાન થઈને પડી ગયો. નાકમાંથી લોહી નીકળતા મહિલાના પતિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. જ્યાં ડોકટરોએ પતિને મૃત જાહેર કર્યો. પત્ની તેના જન્મદિવસ પર પતિ તેને દુબઈ લઈને જાય તેવી આશા સેવીને બેઠી હતી. તેને આશા હતી કે પતિ તરફથી તેને સરપ્રાઈઝ મળશે. આવું ન થતા પત્નીએ પતિને એવો જીવલેણ મુક્કો માર્યો કે જે પતિના મોતનું કારણ બની ગયો. વાનવડી પોલીસ મથકના એક અધિકારીના જણાવ્યાં મુજબ મૃતક નિખિલ ખન્ના રિયલ એસ્ટેટ ડેવલપર હતો. તે વાનવડી વિસ્તારમાં રહેતો હતો. તેની પત્ની પતિ જન્મદિવસ પર દુબઈ ન લઈ જતા પતિ નિખિલ ખન્ના પર નારાજ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મૃતકની પત્ની રેણુકા (૩૬)નો ૧૮ સપ્ટેમ્બરે જન્મદિવસ હતો. તે આ જન્મદિવસ મનાવવા માટે દુબઈ જવા ઈચ્છતી હતી. પરંતુ તેના પતિએ આ માંગણી પૂરી કરી નહીં. આખરે તેણે પતિના મોઢા પર કથિત રીતે મુક્કો માર્યો. જેનાથી તેનું મોત થઈ ગયું. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઉપરાંત પાંચ નવેમ્બરે તેમના લગ્નની વર્ષગાંઠ પણ હતી અને તે પતિ પાસેથી સારી ભેંટની આશા રાખી બેઠી હતી. એ સિવાય મહિલા એટલા માટે પણ પરેશાન હતી કારણ કે તે તેના સંબંધીઓના જન્મદિવસ પર દિલ્હી જવા માંગતી હતી. પરંતુ પતિએ આ માંગણી પણ પૂરી કરી નહીં.

પોલીસના જણાવ્યાં મુજબ આ જ વાતોને લઈને શુક્રવારે દંપત્તિમાં ખુબ ઝઘડો થયો. અધિકારીએ જણાવ્યું કે ગુસ્સામાં આવીને મહિલાએ પતિને નાક પર મુક્કો મારી દીધો. જેના કારણે ખુબ લોહી વહેવા લાગ્યું હતું અને તે બેહોશ થઈ ગયો. તેમણે જણાવ્યું કે પાડોશીએ જણાવ્યા બાદ પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પીડિત પતિને હોસ્પિટલ લઈ ગઈ.



જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો. પોલીસ અધિકારી એ તપાસ પણ કરી રહી છે કે ક્યાંક મહિલાએ કોઈ અન્ય ચીજથી તો વાર નહતો કર્યો. તેમણે કહ્યું કે પોસ્ટમોર્ટમ બાદ જ મોતનું સ્પષ્ટ કારણ જાણી શકાશે. એ પણ ક હ્યું કે મહિલાની હાલ અટકાયત કરી છે અને મામલાની તપાસ ચાલુ છે. પોલીસે મહિલા વિરુદ્ધ ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ મામલો નોંધ્યો છે. પોલીસના જણાવ્યાં મુજબ આ જ વાતોને લઈને શુક્રવારે દંપત્તિમાં ખુબ ઝઘડો થયો. અધિકારીએ જણાવ્યું કે ગુસ્સામાં આવીને મહિલાએ પતિને નાક પર મુક્કો મારી દીધો. જેના કારણે ખુબ લોહી વહેવા લાગ્યું હતું અને તે બેહોશ થઈ ગયો. તેમણે જણાવ્યું કે પાડોશીએ જણાવ્યા બાદ પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પીડિત પતિને હોસ્પિટલ લઈ ગઈ. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો. પોલીસ અધિકારી એ તપાસ પણ કરી રહી છે કે ક્યાંક મહિલાએ કોઈ અન્ય ચીજથી તો વાર નહતો કર્યો. તેમણે કહ્યું કે પોસ્ટમોર્ટમ બાદ જ મોતનું સ્પષ્ટ કારણ જાણી શકાશે. એ પણ ક હ્યું કે મહિલાની હાલ અટકાયત કરી છે અને મામલાની તપાસ ચાલુ છે. પોલીસે મહિલા વિરુદ્ધ ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ મામલો નોંધ્યો છે.

### થાઈલેન્ડના વડાપ્રધાન શ્રેથા થાવિસિનનો અભિપ્રાય

# દુનિયામાં શાંતિ સ્થાપવા માટે હિન્દુ ધર્મના મૂલ્યોમાંથી પ્રેરણા લેવાની જરુર

## બેંગકોકમાં ત્રીજી વિશ્વ હિન્દુ કોંગ્રેસનું આયોજન કરાયું

। બેંગકોક, તા.૨૬ ।

દુનિયાના ઘણા હિસ્સાઓમાં અત્યારે અશાંતિ છે અને યુધ્ધ જેવો માહોલ છે ત્યારે થાઈલેન્ડના વડાપ્રધાન શ્રેથા થાવિસિનનુ માનવુ છે કે, દુનિયામાં શાંતિ સ્થાપવા માટે હિન્દુ ધર્મના મૂલ્યોમાંથી પ્રેરણા લેવાની જરુર છે. બેંગકોકમાં હાલમાં ત્રીજી વિશ્વ હિન્દુ કોંગ્રેસનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેની પાછળનો હેતુ દુનિયામાં હિન્દુઓની પ્રગતિશીલ અને પ્રતિભાશાળી સમાજ તરીકેની ઓળખને વધારે મજબૂત કરવાનો છે. આ બેઠકના ઉદઘાટન સત્રમાં થાઈલેન્ડના પીએમ થાવિસિન કોઈ કારણસર હાજર રહી શક્યા નહોતા પણ તેમણે મોકલેલો સંદેશો વાંચવામાં આવ્યો હતો. જેમાં તેમણે કહ્યુ હતુ કે, અશાંતિ અને ઉથલ પાથલ સામે ઝઝૂમી રહેલી દુનિયાએ હિન્દુ ધર્મના અહીંસા, સત્ય, સહિષ્ણુતા, સદભાવ જેવા મૂલ્યોમાંથી શીખવાની જરુર છે. તેનાથી દુનિયામાં શાંતિ સ્થપાઈ શકે તેમ છે. દરમિયાન વિશ્વ હિન્દુ કોંગ્રેસ દ્વારા આ બેઠકમાં એક અગત્યની જાહેરાત કરીને હિન્દુવાદ શબ્દને ઉપયોગ નહીં કરવાનુ નક્કી કરાયુ હતુ. તેની જગ્યાએ હિન્દુત્વ શબ્દને વધારે યોગ્ય ઠેરવવામાં આવ્યો હતો. આ બેઠકમાં થયેલા ઠરાવમાં કહેવાયુ હતુ કે, હિન્દુવાદ શબ્દ દમન અને ભેદભાવને પ્રગટ કરે છે. તેની જગ્યાએ હિન્દુત્વ શબ્દ વધારે ઉચિત છે. કારણકે તેમાં હિન્દુ શબ્દના તમામ અર્થ સામેલ છે. તેની જગ્યાએ હિન્દુત્વ શબ્દને વધારે યોગ્ય ઠેરવવામાં આવ્યો હતો. આ બેઠકમાં થયેલા ઠરાવમાં કહેવાયુ હતુ કે, હિન્દુવાદ શબ્દ દમન અને ભેદભાવને પ્રગટ કરે છે. તેની જગ્યાએ હિન્દુત્વ શબ્દ વધારે ઉચિત છે. કારણકે તેમાં હિન્દુ શબ્દના તમામ અર્થ સામેલ છે.

### સુવિધાઓમાં ૫ સ્ટાર હોટેલને પણ આપશે ટક્કર

# દુનિયાની સૌથી પાતળી હોટેલ જોઈને લોકો સ્તબ્ધ

। નવી દિલ્હી, તા.૨૬ ।

અજીબોગરીબ ઈમારતોના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર અવારનવાર વાયરલ થતા હોય છે. હાલમાં જ ઈન્ડોનેશિયાની એક હોટલ ચર્ચામાં છે. સેન્ટ્રલ જાવાના સલાટીગા ટાઉનમાં સ્થિત પિટુરૂમ્સ હોટેલને વિશ્વની સૌથી પાતળી હોટેલ માનવામાં આવે છે. માત્ર ૯ ફૂટ પહોળી જગ્યામાં બનેલી આ હોટેલ લકઝરી સુવિધાઓથી સજ્જ છે. લોકો આ પાંચ માળની હોટલની ડિઝાઈન અને દરેક રૂમના ઈન્ટિરિયરના વખાણ કરી રહ્યા છે. આ હોટેલ અહીં રોકાતા મહેમાનોને એક અલગ જ અનુભવ આપે છે. ધ સનના અહેવાલ મુજબ, આ અદ્ભુત હોટલ બિનઉપયોગી જમીનના ટુકડા પર બનાવવામાં આવી છે. તે જોઈ શકાય છે કે, આ જમીન શેરી અને ઘરોની વચ્ચે છે, જેનો સ્થાનિક લોકો ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, આ બિલ્ડીંગને પિટુરૂમ પ્રોજેક્ટના ભાગ રૂપે આર્કિટેક્ટ આર્ય ઈન્દ્રા દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે, જેણે સિંગાપોર અને જકાર્તામાં આર્કિટેક્ટ તરીકે તાલીમ લીધી છે. કહેવામાં આવી રહ્યું છે કે, અરી ઈન્દ્રએ ડિસેમ્બર ૨૦૨૨માં આ હોટલ ખોલી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેની શરૂઆતથી અહીંના ૯૫ ટકા મહેમાનો ઈન્ડોનેશિયન છે. સાત રૂમની આ હોટલને પિટુરૂમ્સ નામ આપવામાં આવ્યું છે.

# ઈઝરાયેલ-હમાસનો ૪ દિવસ યુદ્ધ વિરામ, બંને પક્ષે બંધકો છોડ્યા

। જેરૂસલેમ, તા.૨૬ ।

ઈઝરાયેલ-હમાસ વચ્ચે ૭ ઓક્ટોબરથી યુદ્ધ ચાલી રહ્યું છે. હવે ૪૯ દિવસ પછી બંને દેશો વચ્ચે ૪ દિવસનું સીઝ ફાયર થયું છે. તેના બદલામાં હમાસે ૨૫ બંધકને છોડ્યા છે જેમાં ૧૩ ઈઝરાયેલી, થાઈલેન્ડના ૧૦ નાગરિક અને એક ફિલિપઈન્સનો નાગરિક છે. આ તમામને ગાઝામાં રેડ ક્રોસ સોસાયટીનમા અધિકારીઓને સોપવામાં આવ્યા છે. ઈઝરાયેલે પણ ૩૯ પેલેસ્ટાઈની કેદીઓને છોડ્યા છે. કતારે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સીઝફાયરની ડીલની મધ્યસ્થતા કરી હતી. અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનનો પણ આ ડીલ પાછળ મોટો રોલ હતો.

હમાસે ૧૩ ઈઝરાયેલી બંધકને છોડ્યા છે જેમાં ૪ બાળક અને ૯ મહિલાઓ સામેલ છે. તમામ બંધક ઈજિપ્તની રાફા બોર્ડર થઈને ઈઝરાયેલ પહોંચ્યા છે. ઈઝરાયેલે બંધકોને પરત લાવવાના આ ઓપરેશનને ‘હેવન્સ ડોર’ નામ આપ્યુ છે.

ઈઝરાયલી સૈન્યએ આ યુદ્ધવિરામ અંગે વાતચીત કરતાં કહ્યું હતું કે અમારા સૈનિકો ગાઝામાં યુદ્ધવિરામની બોર્ડર પાછળ રહેશે. ઈઝરાયલી સૈન્યના પ્રવક્તા ડેનિયલ હગારીએ કહ્યું કે આ કપરાં દિવસો હશે અને કંઈ પણ નક્કી નથી. એટલું જ નહીં તેમણે કહ્યું કે આ યુદ્ધવિરામની પ્રક્રિયા દરમિયાન અનેક ફેરફાર થઈ શકે છે. ઉત્તર ગાઝા પર નિયંત્રણ એક લાંબા યુદ્ધની દિશામાં પ્રથમ પગલું છે. અમે આગામી તબક્કાની તૈયારી કરી રહ્યા છીએ. ગઈકાલે કતારમાં આ યુદ્ધવિરામને લઈને મધ્યસ્થીઓએ કહ્યું છે કે યુદ્ધ દરમિયાન બંધક બનાવાયેલા ૧૩ ઈઝરાયલી મહિલાઓ અને બાળકોના પ્રથમ જૂથને કરવામાં આવશે. આ અહેવાલનું દુનિયાભરના દેશોએ સ્વાગત કર્યું.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેંગલુરુ પ્રવાસે

# નરેન્દ્ર મોદીએ ફાઈટર પ્લેન તેજસમાં ૪૫ મીનિટ ઊડાન ભરી

। બેંગલુરુ, તા.૨૬ ।

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુ પ્રવાસે ગયા છે. જ્યાં તેમણે સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ તેજસમાં ઉડાન ભરી હતી. પીએમ મોદીએ જાણકારી આપતા જણાવ્યું હતું કે, તેઓ તેજસ જેટના મેન્યુફેક્ચરિંગ હબનું નિરીક્ષણ કરવા માટે ગયા હતા. મોદી સરકાર સંરક્ષણ ઉત્પાદનોના સ્વદેશી ઉત્પાદન પર સતત ભાર મૂકી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તસવીર શેર કરતા લખ્યું કે, ભારતીય વાયુસેના, ડીઆરડીઓ અને એચએએલ તેમજ તમામ ભારતીયોને આ ક્ષણ બદલ ખૂબ ખૂબ અભિનંદન. વડાપ્રધાન મોદીએ ૪૫ મિનિટ સુધી લડાકૂ વિમાન તેજસમાં ઉડાન ભરી હતી. તેજસ ભારતીય કંપની નિર્મિત સ્વદેશી કોમ્બેટ એરક્રાફ્ટ છે. આ એક ફાઈટર જેટ છે જેમાં બે પાઈલટ બેસી શકે છે. તેને લિફ્ટ એટલે કે લીડ-ઈન ફાઈટર ટ્રેનર કહેવામાં આવે છે. તેજસ એક પ્રકારનું ગ્રાઉન્ડ એટેક એરક્રાફ્ટ પણ છે, જરૂર પડે ત્યારે ગ્રાઉન્ડ પર પણ હુમલો કરવા સક્ષમ છે. એરફોર્સે એચએએલ પાસેથી ૧૨૩ તેજસ એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે, જેમાંથી ૨૬ એરક્રાફ્ટની ડિલિવરી કરવામાં આવી છે.

### જેલમાં મોબાઈલ રાખવાનો મામલે કાર્યવાહી

# પૂર્વ સાંસદ પપ્પુ યાદવને કોર્ટે એક વર્ષની કેદની સજા કરી

## આ કેસ ૨૦૦૪નો છે જ્યારે પપ્પુ યાદવને ગુનાહિત કેસમાં ન્યાયિક કસ્ટડી હેઠળ બેઉર જેલમાં બંધ હતો

। પટના, તા.૨૬ ।

ન્યાયિક કસ્ટડી દરમિયાન બેઉર જેલમાં ઈયર ફોન અને મોબાઈલ રાખવા મામલે એમપી-એલએલએની વિશેષ અદાલતે આરોપી પૂર્વ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવને સજા સંભળાવી છે. પપ્પુ યાદવને દોષી ઠેરવતા કોર્ટે તેને એક વર્ષની જેલ અને ૧૦ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી છે. આ કેસ ૨૦૦૪નો છે જ્યારે પપ્પુ યાદવને ગુનાહિત કેસમાં ન્યાયિક કસ્ટડી હેઠળ બેઉર જેલમાં બંધ હતો. પોલીસ પ્રશાસને જેલના નિરીક્ષણ દરમિયાન ૮ ડિસેમ્બરે બેઉર જેલમાં દરોડા પાડ્યા હતા. ત્યારે પપ્પુ યાદવ પાસેથી ઈયરફોન અને મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ મામલે ફુલવારીશરીફ પોલીસ સ્ટેશનમાં એક ગુનાહિત મામાલો દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલો સાચો હોવાનું જણાતા પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. આ મામલે વિશેષ ન્યાયિક મેજિસ્ટ્રેટે આરોપી પપ્પૂ યાદવને દોષી ઠેરવતા સજા સંભળાવી છે. વિશેષ અદાલતે સજા સામે અપીલ દાખલ કરવા માટે પપ્પુ યાદવને કામચલાઉ જામીન પર મુક્ત કર્યો હતો. બીજી તરફ ૨૦૧૮ના એક ગુનાહિત મામલે પુરાવાના અભાવે વિશેષ અદાલતે આરોપી પૂર્વ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવને નિર્દોષ જાહેર કર્યો હતો. આ ગુનાહિત મામલો રાજેન્દ્ર નગર સ્ટેશન પર ગેરકાયદેસર મેળાવડો કરી અને ધરણા-પ્રદર્શન સાથે સંબંધિત હતો.

# કરાંચીના મોલમાં આગથી ૧૧ લોકોના મોત થયા

। કરાચી, તા.૨૬ ।

પાકિસ્તાનના કરાચીમાં આજે એક શોપિંગ મોલમાં આગ લાગી ગઈ હતી. આ આગની લપેટમાં આવી જવાથી ૧૧ લોકોના મોત થઈ ગયા છે અને આ ઘટનામાં છ લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. બીજી તરફ ઘણા લોકો હજુ મોલમાં ફસાયા હોવાની પણ ખબર મળી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મોલમાં આ આગ આજે સવારે લગભગ ૭:૦૦ વાગ્યે લાગી ગઈ હતી. બીજી માળ પર લાગેલી આ આગ એક બાદ એક ચોથા, પાંચમાં અને છઠ્ઠા માળ સુધી પહોંચી ગઈ હતી. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થઈ શક્યું કે, આ આગ કયા કારણોસર લાગી. ઘટનાસ્થળે જ ફાયર વિભાગની ૧૨ ગાડીઓ અને ૫૦થી વધુ ફાયર ફાઈટરોએ આગ ઓલવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. બિલ્ડિંગમાં ફસાયેલા ૪૨ લોકોને લગભગ તરત જ બચાવી લેવામાં આવ્યા હતા. ફાયર વિભાગના ઓફિસર મુબીન અહમદે જણાવ્યું કે, ઘટનામાં મોટા ભાગના લોકોના મોત ધુમાડો અને આગના ડરના કારણે થયા છે.કારણ કે, ભીષણ આગને નિયંત્રિત કરવા માટે અચાનક જ વીજળી કટ કરી દેવામાં આવી હતી.તેમણે જણાવ્યું કે, મોલમાં હજુ પણ ફસાયેલા લોકોને શોધવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ૪૨ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે જે પુરુષ છે.

## વિશેષ

### સીએઆઈટી રિસર્ચ એન્ડ ટ્રેડ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા સર્વે

# ૨૩ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરમાં દેશમાં ૩.૫ મિલિયન લગ્નો થશે

## દેશમાં આ ભવ્ય ઉજવણી ખરીદી અને સેવા ક્ષેત્રે ૪.૨૫ ટ્રિલિયનનું ટર્નઓવર આપે તેવી અપેક્ષા

નવી દિલ્હી, તા.૨૬

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી) રિસર્ચ એન્ડ ટ્રેડ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ ૨૩ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરની વચ્ચે અંદાજે ૩.૫ મિલિયન લગ્નો થવાના છે. એક અહેવાલ મુજબ, આ ભવ્ય ઉજવણી ખરીદી અને સેવા ક્ષેત્રે ?૪.૨૫ ટ્રિલિયનનું ટર્નઓવર આપે તેવી અપેક્ષા છે. સીએઆઈટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બી સી ભાટિયાએ જણાવ્યું હતુ કે, આ સિઝનમાં એકલા દિલ્હીમાં ૩.૫ લાખથી વધુ લગ્નો યોજાશે, જે શહેરમાં આશરે ?૧ લાખ કરોડ જનરેટ કરવાનો અંદાજ છે. ગયા વર્ષે, આ જ સમયગાળા દરમિયાન, આશરે ૩.૨ મિલિયન લગ્નો થયા હતા, જેનો ખર્ચ ૩.૭૫ લાખ કરોડ જેટલો હતો. લગ્નના આ ૨૩ દિવસોમાં, લગભગ ૬ લાખ લગ્નોમાં લગ્ન દીઠ ? ૩ લાખનો અંદાજિત ખર્ચ થશે, જ્યારે અંદાજે ૧૦ લાખ લગ્નો માટે લગભગ ?૬ લાખનો ખર્ચ થશે. વધુ ૧૨ લાખ લગ્નો પર લગ્ન દીઠ આશરે ?૧૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે ૬ લાખ લગ્નો પ્રત્યેક ઈવેન્ટનું બજેટ ?૨૫ લાખનું હશે. વધુમાં, ૫૦,૦૦૦ લગ્નોમાં ?૫૦ લાખનો ખર્ચ થવાની ધારણા છે અને અન્ય ૫૦,૦૦૦





લગ્નોનું બજેટ ૧ કરોડ રૂપિયાથી વધુ હશે. ૩ લાખનો અંદાજિત ખર્ચ થશે, જ્યારે અંદાજે ૧૦ લાખ લગ્નો માટે લગભગ ?૬ લાખનો ખર્ચ થશે. વધુ ૧૨ લાખ લગ્નો પર લગ્ન દીઠ આશરે ?૧૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે ૬ લાખ લગ્નો પ્રત્યેક ઈવેન્ટનું બજેટ ?૨૫ લાખનું હશે. વધુમાં, ૫૦,૦૦૦ લગ્નોમાં ?૫૦ લાખનો ખર્ચ થવાની ધારણા છે અને અન્ય ૫૦,૦૦૦ લગ્નોનું બજેટ ૧ કરોડ રૂપિયાથી વધુ હશે.

એક સર્વે મુજબ, ભારતમાં લોકપ્રિય લગ્ન સ્થળો ગોવા, જયપુર, કેરળ અને શિમલા જેવા લોકપ્રિય સ્થળોનો સમાવેશ કરે છે. ભારતમાં વર્તમાન લગ્નના ટ્રેન્ડમાં ડેસ્ટિનેશન વેડિંગ, થીમ આધારિત લગ્નો અને ઈકો-ફ્રેન્ડલી ઉજવણીઓ પર વધુ પડતા ભાર મુકવામાં આવે છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી) રિસર્ચ એન્ડ ટ્રેડ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ ૨૩ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરની વચ્ચે અંદાજે ૩.૫ મિલિયન લગ્નો થવાના છે. એક અહેવાલ મુજબ, આ ભવ્ય ઉજવણી ખરીદી અને સેવા ક્ષેત્રે ?૪.૨૫ ટ્રિલિયનનું ટર્નઓવર આપે તેવી અપેક્ષા છે. સીએઆઈટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બી સી ભાટિયાએ જણાવ્યું હતુ કે, આ સિઝનમાં એકલા દિલ્હીમાં ૩.૫ લાખથી વધુ લગ્નો યોજાશે, જે શહેરમાં આશરે ?૧ લાખ કરોડ જનરેટ કરવાનો અંદાજ છે. ગયા વર્ષે, આ જ સમયગાળા દરમિયાન, આશરે ૩.૨ મિલિયન લગ્નો થયા હતા, જેનો ખર્ચ ૩.૭૫ લાખ કરોડ જેટલો હતો. લગ્નના આ ૨૩ દિવસોમાં, લગભગ ૬ લાખ લગ્નોમાં લગ્ન દીઠ ?૩ લાખનો અંદાજિત ખર્ચ થશે, જ્યારે અંદાજે ૧૦ લાખ લગ્નો માટે લગભગ ?૬ લાખનો ખર્ચ થશે. વધુ ૧૨ લાખ લગ્નો પર લગ્ન દીઠ આશરે ?૧૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે ૬ લાખ લગ્નો પ્રત્યેક ઈવેન્ટનું બજેટ ?૨૫ લાખનું હશે. વધુમાં, ૫૦,૦૦૦ લગ્નોમાં ?૫૦ લાખનો ખર્ચ થવાની ધારણા છે અને અન્ય ૫૦,૦૦૦ લગ્નોનું બજેટ ૧ કરોડ રૂપિયાથી વધુ હશે. એક સર્વે મુજબ, ભારતમાં લોકપ્રિય લગ્ન સ્થળો ગોવા, જયપુર, કેરળ અને શિમલા જેવા લોકપ્રિય સ્થળોનો સમાવેશ કરે છે. ભારતમાં વર્તમાન લગ્નના ટ્રેન્ડમાં ડેસ્ટિનેશન વેડિંગ, થીમ આધારિત લગ્નો અને ઈકો-ફ્રેન્ડલી ઉજવણીઓ પર વધુ પડતા ભાર મુકવામાં આવે છે. એક સર્વે મુજબ, ભારતમાં લોકપ્રિય લગ્ન સ્થળો ગોવા, જયપુર, કેરળ અને શિમલા જેવા લોકપ્રિય સ્થળોનો સમાવેશ કરે છે. ભારતમાં વર્તમાન લગ્નના ટ્રેન્ડમાં ડેસ્ટિનેશન વેડિંગ, થીમ આધારિત લગ્નો અને ઈકો-ફ્રેન્ડલી ઉજવણીઓ પર વધુ પડતા ભાર મુકવામાં આવે છે.

## તંત્રી લેખ...

# જાન્યુઆરીથી બીએસએફે ભારતમાં ઘૂસેલા ૬૯ પાક. ડ્રોન તોડી પાડ્યા

બીએસએફએ જાન્યુઆરી ૨૦૨૩થી ભારતીય ક્ષેત્રમાં ઘૂસેલા ૬૯ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યા છે. જેમાંથી મોટા ભાગના ડ્રોન ચીનમાં બનેલા છે. સાથે જ બીએસએફ દ્વારા જે ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. આ તોડી પાડેલા ડ્રોન દ્વારા પાકિસ્તાની તસ્કરો દ્વારા ભારતમાં નાર્કોટિક્સ મોકલવામાં આવતું. જે બાબતની સંબંધિત જાણકારી બીએસએફ દ્વારા આપવામાં આવી હતી.

બીએસએફ દ્વારા મળતી માહિતી મુજબ મોટાભાગના ડ્રોન ચીનમાં બનેલા હતા. ચાર રોટરવાળા વિવિધ મોડલના ડ્રોન ક્વાડકોપ્ટર ડિઝાઈનના છે. માહિતી અનુસાર, બીએસએફએ આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૧ ઓક્ટોબર વચ્ચે ભારતની પશ્ચિમી સરહદ પર પંજાબ, રાજસ્થાન અને જમ્મુ સરહદો પરથી પસાર થતા આવા કુલ ૬૯ ડ્રોન જપ્ત કર્યા છે.

આ ૬૯ ડ્રોનમાંથી ૬૦ પંજાબ બોર્ડર પરથી અને ૯ રાજસ્થાન બોર્ડર પરથી જપ્ત કરવામાં આવ્યા છે. ઓક્ટોબરમાં પંજાબ બોર્ડર પરથી સૌથી વધુ ૧૯ અને રાજસ્થાન બોર્ડર પરથી બે ડ્રોન પકડાયા હતા. જો કે, જૂનમાં ૧૧ ડ્રોન જપ્ત કરવામાં આવ્યા હતા. મે મહિનામાં ૭ તેમજ ફેબ્રુઆરી, જુલાઈ અને સપ્ટેમ્બરમાં ૬-૬ ડ્રોન પકડાયા હતા. જયારે ઓગસ્ટમાં ૫, માર્ચ અને એપ્રિલમાં ૩-૩ અને જાન્યુઆરીમાં ૧ ડ્રોન જપ્ત કર્યું હતું.

ડેટા અનુસાર જાન્યુઆરી, માર્ચ, એપ્રિલ અને મે મહિનામાં રાજસ્થાન બોર્ડર પરથી કોઈ ડ્રોન ઝડપાયા નથી. ૧ જાન્યુઆરી, ૨૦૨૦થી આ વર્ષે ૩૧ ઓક્ટોબર સુધીમાં, બીએસએફએ કુલ ૯૩ ડ્રોન જપ્ત કર્યા છે. તેમાંથી માત્ર એક ડ્રોન જૂન ૨૦૨૦માં અને એક ડિસેમ્બર ૨૦૨૧માં જમ્મુ બોર્ડર પરથી જપ્ત કરવામાં આવ્યું હતું.

બીએસએફના અધિકારીએ જણાવ્યું હતું કે પાકિસ્તાની તસ્કરો દ્વારા આ ડ્રોન મારફતે ૫૦૦ ગ્રામથી લઈને ૧ કિલો હેરોઈન ભારત મોકલવામાં આવતું. આ ડ્રોન રાત્રે ઉડાડીને ભારત-પાકિસ્તાન બોર્ડરને સરળતાથી ક્રોસ કરી શકાય છે. પાકિસ્તાની તસ્કરો ભારતના પંજાબ સરહદે ડ્રગ્સની તસ્કરી માટે ડ્રોનનો ઉપયોગ કરતા હતા. આ ડ્રોન તરનતારન, અમૃતસર, ફિરોઝપુર, ગુરદાસપુર અને અબોહર જિલ્લામાંથી મળી આવ્યા હતા. અધિકારીઓ દ્વારા મળતી માહિતી મુજબ તસ્કરી માટે વાપરવામાં આવતા મોટાભાગના ડ્રોન ચીનમાં બનેલા હતા. તેની પાછળનું કારણ એ છે કે અન્ય ડ્રોન કરતા ચીનના ડ્રોન ખુબ જ સસ્તા મળી રહે છે. જેથી જો આ ડ્રોન પકડાઈ જાય તો પણ તસ્કરોને મોટું નુકશાન થતું નથી.

## સિલ્ક ૧૧ ટનલમાં ઓગર મશીનથી ઓપરેશન મુશ્કેલ

ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ કામદારોને બચાવવા માટે ૧૪ દિવસથી પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ બચાવની કાર્યવાહીમાં વારંવાર અડચણ આવી રહી છે. હાલમાં સામે આવતી જાણકારી અનુસાર સિલ્ક ૧૧ ટનલમાં ઓગર મશીન દ્વારા ઓપરેશન કરવું હવે ઘણું મુશ્કેલ બની ગયું છે. મશીન સામે અત્યાર સુધીનો સૌથી મોટો અવરોધ આવી ગયો છે.

ગઈકાલે સાંજે ડ્રિલિંગ દરમિયાન મશીનની સામે રીડ્સની જાળી મશીનની સામે આવતા ઓગર મશીનની બ્લેડ જાળીમાં ફસાઈ ગઈ હતી. ઓગર મશીનનો આગળનો ભાગ લોખંડની પાઈપના છેડે અટવાઇ ગયો હતો. જેના કારણે બચાવ કામગીરીમાં એક નવો વિલંબ ઉભો થયો. આ મશીનના સંચાલનમાં અત્યાર સુધીની આ સૌથી મોટી મુશ્કેલી છે.

મશીનમાં પાઈપ દબાવીને કાટમાળને દૂર કરવાની ક્ષમતા છે, પરંતુ જાળીને કારણે આ રસ્તો પણ બંધ થઈ ગયો છે. આ અંગે થોડા સમયમાં એક મોટી બેઠક યોજાવાની છે જેમાં વર્ટિકલ ડ્રિલિંગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે. ઓએનજીસી, એસજીવીએનએલ હવે વર્ટિકલ ડ્રિલિંગ માટે તૈયારી કરી રહ્યા છે. મશીનમાં પાઈપ દબાવીને કાટમાળને દૂર કરવાની ક્ષમતા છે, પરંતુ જાળીને કારણે આ રસ્તો પણ બંધ થઈ ગયો છે. આ અંગે થોડા સમયમાં એક મોટી બેઠક યોજાવાની છે જેમાં વર્ટિકલ ડ્રિલિંગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે. ઓએનજીસી, એસજીવીએનએલ હવે વર્ટિકલ ડ્રિલિંગ માટે તૈયારી કરી રહ્યા છે.

૧૨ નવેમ્બરથી સુરંગમાં ફસાયેલા ૪૧ મજૂરોને બચાવવા માટે યુધ્ધના ધોરણે પ્રયાસો શરુ થયા છે. આ રેસ્કયૂ ઓપરેશન તેના અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. ટનલમાં મજૂરો સુધી પહોંચવા માટે ૧૦ મીટર જેટલું જ અંતર રહયું છે. ઓગર મશીનની મદદથી ૮૦૦ મિલીમીટર વ્યાસ ધરાવતો પાઈપ નાખવાનું કાર્ય ટનલના કાટમાળ ધરાવતા ભાગની નજીક પહોંચી ગયું છે. ૧૨ નવેમ્બરે મોડી રાતે બ્રહ્મખાલ-યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સિલ્ક્યારા અને દાંડલગાંવ વચ્ચે બનેલી ટનલનો એક ભાગ તૂટી પડતાં ૪૦ મજૂરો ટનલની અંદર ફસાયા હતા. ટનલની કુલ લંબાઈ ૪.૫ કિમી છે, જેમાંથી ૨,૩૪૦ મીટર સિલ્ક્યારા છેડેથી અને ૧,૭૫૦ મીટર દાંડલગાંવ છેડેથી બાંધવામાં આવી છે. ટનલના બંને છેડા વચ્ચે ૪૪૧ મીટરનું અંતર હજુ બાંધવાનું બાકી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સિલ્ક્યારા બાજુથી ટનલ તૂટી હતી, જે પ્રવેશદ્વારથી ૨૦૦ મીટર દૂર હતું. ૧૨ નવેમ્બરથી સુરંગમાં ફસાયેલા ૪૧ મજૂરોને બચાવવા માટે યુધ્ધના ધોરણે પ્રયાસો શરુ થયા છે. આ રેસ્કયૂ ઓપરેશન તેના અંતિમ તબક્કામાં પહોંચ્યું છે.

ટનલમાં મજૂરો સુધી પહોંચવા માટે ૧૦ મીટર જેટલું જ અંતર રહયું છે. ઓગર મશીનની મદદથી ૮૦૦ મિલીમીટર વ્યાસ ધરાવતો પાઈપ નાખવાનું કાર્ય ટનલના કાટમાળ ધરાવતા ભાગની નજીક પહોંચી ગયું છે. ૧૨ નવેમ્બરે મોડી રાતે બ્રહ્મખાલ-યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સિલ્ક્યારા અને દાંડલગાંવ વચ્ચે બનેલી ટનલનો એક ભાગ તૂટી પડતાં ૪૦ મજૂરો ટનલની અંદર ફસાયા હતા. ટનલની કુલ લંબાઈ ૪.૫ કિમી છે, જેમાંથી ૨,૩૪૦ મીટર સિલ્ક્યારા છેડેથી અને ૧,૭૫૦ મીટર દાંડલગાંવ છેડેથી બાંધવામાં આવી છે. ટનલના બંને છેડા વચ્ચે ૪૪૧ મીટરનું અંતર હજુ બાંધવાનું બાકી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સિલ્ક્યારા બાજુથી ટનલ તૂટી હતી, જે પ્રવેશદ્વારથી ૨૦૦ મીટર દૂર હતું.

# ગુરુ નાનકજી સ્વયં પણ એકેશ્વરમાં પુર્ણ વિશ્વાસ રાખે છે, અને તેમનો ધર્મનો દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુ પંચાગ મુજબ તા ૨૬ સાંજ થી ૨૭ સુધી દેવ દિવાળી છે, એટલે ફટાકડાના અવાજો ચારે બાજુથી આવે છે, અને વાતાવરણમાં પણ દારૂખાનાની સુગંધ પ્રસરી ગઈ છે. કાલે ગુજરાતભરમા માવઠું રહ્યું, એ કેને આધીન છે ફરી ક્યારેક, પણ આજે ગુરુ નાનક જયંતિ છે. ગુરુનાનક એક ઉચ્ચતમ સાધુ ચરિત્ર ધરાવતા હતાં,ગુરુનાનક શીખ ધર્મના પ્રથમ પ્રણેતા એટલે કે ૧૦ ગુરુ પરંપરાના પહેલા ગુરુ હતા. તેઓ સંન્યાસના વિરોધી હતાં, અને સંસારીઓને સંસારમાં રહીને જ ઈશ્વરને અનુભવવાનો હોય એવો સતત અનુરોધ કરતા હતાં. તેઓ બહુ નાની ઉંમરથી જ અધ્યાત્મવાદી હતાં, અને તેમણે સમાજના કુરિવાજો સામે બંડ પોકાર્યો હતો. શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિનું ખૂબ જ મહત્વ છે, અને હોવું પણ જોઈએ. કારણ કે માનવીને જે સાધુતા ના પથ પર દોરી જાય એ જ તો મહાન છે. બાપુ કહે છે તેમ સમાજ હંમેશા જીવંત સાધુ ચરિત્રને સ્વીકારી શકતું નથી, પરંતુ તેમના ચાલ્યા ગયા બાદ એટલે કે સમયનું એ મોજુ વીતી ગયા બાદ લોકો તેને પૂજે છે. કારણકે એની સત્યનિષ્ઠાથી સામેનો સમાજ પોતાના અસ્તિત્વને જોખમમાં મુકાયેલો જોતો નથી.આવા ચરિત્રો આપણામાં સાધુતાની ઈફેક્ટ ઉભી કરી શકે, એટલે કે એ તરફ દૃષ્ટિ કરીએ, અને જે કંઈ થોડીઘણી સાધુતાની અસર આપણામાં થાય તો પણ જીવન સુધરી જાય. હાલના સમાજની સમસ્યા એ છે કોઈના દુઃખ જોઈ સહાનુભૂતિ થાય, પરંતુ કોઈના સુખે કે, કોઈની પ્રગતિ, સફળતા, કે તેનું સુખ જોઈને આપણે સુખી નથી થઈ શકતા, એ આપણી સૌથી મોટી એટલે કે આજના ભારતીય સમાજની કમજોરી છે, જેને કારણે સમાજ અસંતોષી બનતો જાય છે અને એમાં સતત ઈર્ષા નિંદા ચોરી લૂંટ હિંસા જેવા દૂષણો દિવસે ન વધે એટલાં રાતે વધે છે, આ ઉપરાંત સાધુ થવામાં બાધારૂપ છે. તો આજે સોમવાર ચરિત્રની ઓળખ અંતર્ગત આપણે આ દિવસે શીખ ધર્મના પ્રણેતા એવા ગુરુ નાનકજીને યાદ કરી એમનાં જીવન ચરિત્ર વિશે થોડી વાત કરીશું ગુરુ નાનકનો જન્મ ઓક્ટોબર ૧૪૬૯ના રોજ કાર્તક સુદ પૂનમની તિથિએ લગભગ એક વાગ્યાને ચાલીસ મિનીટે પાકિસ્તાનના શેખુપુરા જીલ્લાના રાઈભીડીંના તલવંડી ખાતે થયો હતો, આજે ગુરુ નાનકની ૫૫૨ મી જન્મ જયંતી છે.ગુરુનાનક એ શીખ ધર્મના સંસ્થાપક હતા. શીખ લોકો આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે, શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિથી મોટો કોઈ જ તહેવાર માનવામાં આવતો નથી.ગુરુનાનક એ ખૂબ જ ઉમદા વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ હતા. તેઓ એક સારા કવિ પણ રહી ચૂક્યા છે. તેમણે એક જ ઈશ્વર હોવાની વાત કરી હતી, અને તેઓએ ઈશ્વર વિશે જે કાંઈ કહ્યું છે તેને શીખ લોકો ગુરુવાણી કહે છે, અને ગુરુદ્વારામાં આ ગુરુવાણીનું ગાયન સતત થતું રહે છે. તેમણે શીખોને ત્રણ વસ્તુનો આદેશ કે શીખ આપી. એક જ ઈશ્વરની આરાધના કરવી, સમાજના નાના માણસોની સેવા કરવી, અથવા તો અન્ય કોઈ રીતે મદદ કરવી, ને દાન કરવું. મોટા મોટા શીખ લોકો પણ ગુરુદ્વારામાં જે લંગર થતું હોય ત્યાં પિરસવાનુ અને અન્ય કામગીરી કરતાં જોવા મળે છે.આ પ્રથા શરૂ થઈ એની માટે પણ એક કહાની તેની સાથે જોડાયેલી છે. પિતાએ નાનકને વીસ રૂપિયા આપીને કોઈ લાભનો સોદો કરી આવવાનું કહ્યું. નાનક પોતાના મિત્ર બાલાને લઈને નીકળ્યા. કેટલાક ગાઉ ચાલ્યા તો સાધુઓની એક મંડળી મળી જે ત્રણ-ચાર દિવસથી ભૂખ્યા હતા. નાનકે વીસ રૂપિયાની ભોજન સામગ્રી લાવીને ભૂખ્યા સાધુઓને ભોજન કરાવી તેમનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા,અને આ પ્રસંગને સચ્ચા સૌદા કહેવામાં આવે છે, આજે ત્યાં વિશાળ ગુરુદ્વારા છે. નાનક ઘરે ગયા તો પિતાએ હકીકત જાણી અને ક્રોધથી નાનકને તમાચો મારી દીધો. આ જોઈને એમની બહેન ખૂબ જ દુઃખી થઈ હતી.બસ ત્યારથી લંગર પ્રથાને શીખ ધર્મમાં સ્થાન મળ્યું.લંગર એ શીખ ધર્મને ઉજાગર કરતી એક અનન્ય પ્રથા છે, જેમાં ગુરુદ્વારામાં પ્રસાદની વહેંચણી કરવામાં આવે છે. કે પછી ક્યારેય, કોઈ તહેવાર કે કુદરતી કે અન્ય આફતના સમયે અન્ય જગ્યાએ પણ થાય છે. શીખ ધર્મમાં ૧૦ ગુરુ ઓની વાત છે, જેમાં પ્રથમ ગુરુ તરીકે ગુરુનાનક ને સ્થાન મળ્યું છે. સામાન્ય રીતે ભારતના પંજાબ પંથકમાં શીખ લોકો રહે છે, પરંતુ હવે તો કામ અને ધંધાર્થે દરેક રાજ્યોમાં તેનો વાસ છે,આથી દરેક જગ્યાએ આ તહેવારની ઉજવણી થાય છે, અને ગુરુદ્વારામાં એ દિવસે ખૂબ જલસા જેવું વાતાવરણ હોય છે. ગુરુ નાનક ને એક શિષ્ય નામ મર્દાના હતું, એટલે જ્યારે કોઈ ઈશ્વર સમીપ લઈ જતી વાત તેને સમજાય, ત્યારે તે ગાઈને એ વાત કહેતા, અને મર્દાના ને કહેતા, મર્દાના છેડ, એટલે કે રાગ છેડ.પાગલ શબ્દનો અર્થ પણ તેમણે ખૂબ સરસ કર્યો છે, પંજાબીમાં ગલ એટલે વાત, અને માનવીય જીવનમાં મુખ્ય વાત તો ઈશ્વરને પ્રાપ્ત કરવાની જ છે, આથી પાગલ એટલે જેણે ગલ ને મેળવી લીધી, કે પ્રાપ્ત કરી લીધી, તેવી વ્યક્તિ એટલે પાગલ!! આમ પણ સમાજમાં આ સત્ય આપણે જોતા હોઈએ છીએ, અને ભલા ભોળા માણસો ને કારણ વગર પાગલ! પાગલ! કહીને લોકો ચીડવતા હોય છે. માનવ સેવાને શ્રેષ્ઠ ધર્મ ગણાવ્યો.નામ જપના કિરત કરના વંડ છકના' સફળ ગૃહસ્થ જીવનનો મંત્ર આપ્યો. આ જ ગુરુ મંત્ર શીખ ધર્મની મુખ્ય આધારશીલા છે. એટલે સાચા મનથી ઈશ્વરનું નામ જપો, ઈમાનદારી અને પરિશ્રમથી કામ કરો, તેમજ ધન દ્વારા દુઃખી, અસહાય અને જરૂરતમંદ લોકોની સેવા કરો. ગુરુ ઉપદેશ છે કે ' ધાલ ખાયે કિછ હત્થો દેહ, નાનક રાહ પછાને સે. આ રીતે ગુરુનાનકજીનાં જીવનમાંનો એક કિસ્સામાં અન્નની શુધ્ધતા, પવિત્રતા અને સાત્વિકતા પર જોર આપ્યુ છે. ગુરુજી મર્તબા ગામમાં પહોચ્યાં, તો તેમને બે ઘરેથી ભોજનનું નિમંત્રણ આવ્યું. એક નિમંત્રણ ગામના ધનવાન મુખીનું હતું, અને બીજું નિર્ધન સુથારનું હતું. ગુરુનાનકજીએ મુખીયાના ઘીથી બનેલ મીઠાઈનો અસ્વીકાર કર્યો, અને સુથારના ઘરે બનાવેલ સુકી રોટલીઓનો સ્વીકાર કર્યો. ગુરુજીએ મુખીઓની રોટલીઓને નીચોવી ત્યારે તેમાંથી લોહી ટપક્યું. બીજી બાજું ખેડુતની રોટલીઓને નીચોવી તો તેમાંથી શુદ્ધ દુધની ધારા થઈ. ગુરુનાનકજી જણાવ્યું કે મુખીયાની કમાણી અનીતિ. અધર્મ, અત્યાચાર અને શોષણ દ્વારા પ્રાપ્ત કરેલ કમાણી છે, જ્યારે કે સુથારનું આ અન્ન ઈમાનદારી, મહેનતની કમાણીનું હતું.નાનકજીએ બધા જ ધર્મોને શ્રેષ્ઠ ગણાવતા કહ્યું કે, ધર્મ ગમે તે હોય પણ ધર્મનાં સત્યને આત્મસાત કરીને તેને વ્યવહાર જીવનમાં લાવવાનું લક્ષ્ય હોવું જોઈએ. ગુરુજીએ ધાર્મિક તેમજ સામાજીક વિષમતાઓ પર જોરદાર પ્રહાર કર્યો. તેમની વાણીમાં હિંન્દુ અને મુસલમાન બંને માટે એકાત્મકતાના બીજ જોવા મળે છે. તેમનું માનવું હતું કે સંપુર્ણ સૃષ્ટીના ઈશ્વર એક જ છે. આપણે બધા તો તેના બાળકો છીએ, એટલે આપણો ધર્મ એક છે. ગુરુજી સ્વયં પણ એકેશ્વરમાં પુર્ણ વિશ્વાસ રાખતા, તેમનો દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો.આજે આપણે પણ આ દેવ દિવાળી એ ઈશ્વર આગળ સંકલ્પ કરીએ, કે જીવનમાં બીજું કોઈ પણ હવે ધ્યેય નથી, માત્ર કોઈ પણ માર્ગેથી તારા સુધી પહોંચવું છે, અને આ જન્મને સફળ બનાવવો છે. અમે સંસારી છીએ, અને અમારી તને ભજવાની, કે ઉપાસનાની પણ એક મર્યાદા છે. પરંતુ આ ભોગ અને વિષયોની, પહેલા હવે તારું સાનિધ્ય પામવું છે.

# આજે બધા કાળ બગડયો એમ કહે છે, પણ કાળ શું બગડે ? કાળજું બગડયું છે એની બધી પીડા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



માનવી પૃથ્વી બીજા જીવોનો અને કુદરતી સંપત્તિનો કુદરતે મૂકેલો રક્ષક ચોકીદાર છે.તે હંમેશાં એવું ઈચ્છે છે કે તેના માલિકના દર્શન મુલાકાત થાય..એટલે જ મંદિર મસ્જિદ દેરાસર ચર્ચ દેવળ અગિયારી ગુરૂદ્વારામાં જઇ સતત તલપાપડ બની જાય છે.આજે દેવ દિવાળીની ઉજવણી દીપોત્સવી પર્વના અંતિમ દિવસ તરીકે થશે.તો આવો કંઈક ભગવદ્ જ્ઞાન થકી મેળવવા પ્રયત્ન કરીએ.

દર્શનમાં આનંદ ત્યારે આવે છે, જ્યારે ભગવાન આંખ આપે છે. પૂતના જેવું મલિન હૃદય લઇ દર્શન કરવા જનારને ભગવાન પૂછે છે કે, હું તને આંખ આપતો નથી. હું આંખો બંધ કરું છું! જેના મનમાં પાપ ભર્યું છે એની સામે હું જોતો નથી.ભગવાન તો અંતર્યામી છે. એ કપડાંને જોતા નથી. કાળજાને જુએ છે. ભગવાનને એટલું જ કહેવાની જરૂર છે કે,નાથ,હું તમારો છું. તમારે શરણે આવ્યો છું. મને ભવસાગર ઉતારો!હું ખરેખર કુટીલ, ખલ અને કામી છું. જેણે મનુષ્ય જન્મ દીધો તે ભગવાનને ભૂલી ગયો. એવો હું નિમક હરામી છું, છતાં તમે દયાળુ છો. તમારી દયા યાચું છું.

જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા,નથી બળ.પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે. એ કૃપાના સહારે રહેતો એ તરી જાય. પ્રભુ તો પરમ દયાળુ છે.એમણે તો કહેલું જ છેકે,મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું.ગીતામાં ભગવાન કહે છેકે, જે મારે શરણે આવ્યો, મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી.તેનો વિનાશ કરવાની કોઈની તાકાત નથી. પ્રભુની સામે થઈને જીતે એવું કોણ છે?એટલે પ્રભુ ભક્તનો વિનાશ કરવાની કોઈની દેન નથી. ભક્તમાં શુદ્ધ પ્રેમ છે,તેથી એ ભગવાનને વશ રાખે છે. ભગવાન એને વશ વર્તે છે.આજે બધા કાળ બગડયો એમ કહે છે, પણ કાળ શું બગડે?કાળજું બગડયું છે એની બધી પીડા છે.મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે,એકબીજાને દેવ સમજે,તો કળિયુગનો સતયુગ થઈ જાય!પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?એનાં કારણો માં મહાત્માઓ કહે છે કે પૂતના સ્ત્રી છે,અબળા છે, તેથી અવધ્ય છે. પણ એને માર્યા વગર છૂટકો નથી એટલે આંખ બંધ કરી છે. આ સ્ત્રીને મારવામાં શું બહાદુરી? આ સ્ત્રીને મારવી પડશે એમ વિચારી સંકોચથી ભગવાને નેત્ર બંધ કર્યા છે.બીજા મહાત્મા કહે છે કે,ના, એ કારણ નથી. પૂતના સ્ત્રી છે, પણ રાક્ષસી છે.અનેક બાળકો મારીને આવી છે એટલે તેને મારવા માં સંકોચ રાખવાની જરૂર નથી. આંખ બંધ કરવાનું કારણ તો બીજું છે. ભગવાનની આંખમાં જ્ઞાન વૈરાગ્ય છે. પ્રભુએ વિચાર કર્યો કે, હું પૂતના ને આંખ આપું તો એને જ્ઞાન થઈ જશે કે, હું ઈશ્વર છું. તેથી તેઓ મને ધવડાવશે નહીં અને મારે જે લીલા કરવી છે તે થશે નહીં, તેથી તેઓ આંખ બંધ કરે છે.આ દલીલ પણ જોરદાર છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, જેના પર હું કૃપા કરું છું, નજર કરું છું તેને મારા સ્વરૂપનું જ્ઞાન થાય છે.ભગવાન જેની સામે જુએ એને બધે ભગવાન ભગવાન દેખાય ને! એકલા પૂતના સામે જુએ તો પૂતના ને જ્ઞાન થઈ જાય છે કે,આ તો કાળનોય કાળ છે. એટલે સામાન્ય બાળક સમજી એ એને મારવા આવી છે એ વાત રહે નહીં,તો પછી લીલા થાય કેવી રીતે ત્રીજા મહાત્મા કહે છેકે,ના,ના,આ કારણ મને સાચું લાગતું નથી. પૂતનાને આંખ આપે એટલે તેને જ્ઞાન થાય એ સાચું નથી. દુર્યોધનને ક્યાં જ્ઞાન થયું હતું પણ પૂતના ઝેર દેવા આવી છે, ત્યારે લાલાએ વિચાર કર્યો કે,આને વૈકુંઠમાં લઈ જાઉં કે ગોલોકમાં? પૂતનાને કઈ ગતિ આપવી તે વિચારવા ભગવાને આંખ બંધ કરી છે.૪.તો વળી એક મહાત્મા કહે છે કે, કોઈ પુણ્ય વગર ઈશ્વર પાસે કે પૂર્વજન્મમાં શું પુણ્ય કર્યું છે તે શ્રીકૃષ્ણે આંખ બંધ કરી છે જેની સાથે બહુ પ્રેમ કરો છો.મનુષ્ય કોઈ સાધારણ કારણથી અતિ વેર કરશે.૫. તો વળી એક મહાત્મા કહે છે, ના, એ પણ કારણ નથી. કનૈયો વિચારે છે કે, મેં તો માનેલું ગોકુળમાં લોકો મને માખણમીસરી ખવડાવશે પણ અહીં માખણ- મીસરી કોઈ આપતું નથી અને ઊલટી આ ઝેર આપવા આવી છે. આ બીકથી લાલાએ આંખ બંધ કરી છે. ૬.વળી એક મહાત્મા કહે છે, પરમાત્માને કાંઈ બીક લાગતી હશે? એ તો કનૈયો આંખ બંધ કરી શંકરનું ધ્યાન ધરે છે અને કહે છે કે, તમને ઝેર પીવાની આદત છે તો આવો, તમે આ ઝેર પીઓ, હું દૂધ પીશ!૭. વળી મહાત્માઓ કહે છે કે, મને આ કારણ યોગ્ય લાગતું નથી. શ્રીકૃષ્ણ શું ઝેર પી ન શકે? એ તો કાળના પણ કાળ છે, પણ આંખો બંધ કરવાનું કારણ બીજું છે. શ્રી કૃષ્ણની આંખમાં સૂર્ય-ચંદ્ર છે. શ્રીકૃષ્ણ પૂતનાને મારી મોક્ષ ગતિ આપવાના છે તે સૂર્ય-ચંદ્રને ઠીક ન લાગ્યું, તેથી આંખો બંધ થઈ.૮.વળી એક મહાત્મા કહે છે કે, મને આંખો બંધ કરવાનું કારણ જુદું લાગે છે. ભગવાન વિચારે છે કે, આ ઝેર આપનારીને હું મુક્તિ આપું છું તો આ ગોપ-ગોપીઓ જે પ્રેમથી મને માખણ-મીસરી આપે છે, તેમને કઈ ગતિ આપીશ?એના વિચારમાં પ્રભુએ આંખ બંધ કરી છે.મહાત્માઓ દસમ સ્કંધમાં પાગલ થયા છે. જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા. તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા છે. સનાતન ગોસ્વામી બંગાળના મોટા જમીન દાર હતા. દશમ સ્કંધનો પાઠ એક વખત સાંભળ્યો કે,શ્રી કૃષ્ણપ્રેમમાં પાગલ થયા! સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલા નિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ, રાધે શ્રીકૃષ્ણ, રાધે શ્રીકૃષ્ણ કરતા નીકળી પડયા. રામાયણની શૂર્પણખા અને ભાગવતની પૂતના એક જ છે. શૂર્પણખા પણ વાસના છે. કનૈયો હજુ છ દિવસનો થયો.હજુ રાધા જી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં,તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોના ઉપર નજર રાખું ? પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદર વિષયો જોઈ આંખ તેની પાછળ દોડે છે. જાણે છે કે આ મારું નથી,મને મળવાનું નથી, છતાં પાપ કરે છે. પૂતનાએ યશોદાને કહ્યું કે,હુંતમારા બાળક ને ધવડાવું તો પુષ્ટ થશે. યશોદાએ પારણામાંથી બાલકૃષ્ણ ને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરે છે, પણ કનૈયો જાણે છે કે, આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે.

પૂતના યશોદાને કહે છે, મા, તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ! યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે, પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે.ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવી શકે? ભગવાન કહે છે કે,મને પકડતાં જ આવડે છે. છોડવાનું મને માએ શીખવ્યું નથી. અર્થાત્ હું કોઇને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી. પૂતના,તને હું આજે છોડીશ નહીં, તારો ઉદ્ધાર કરીશ.આમ ભગવાન નાં મારમાં પણ પ્યાર છે. પરમ આશ્ચર્ય થયું છે! મને છોડ, મને છોડ! એમ બે વખત પૂતના બોલી છે. જાણે કહેતી ન હોય કે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા, તારા ધામમાં, ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર! પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનો એ બગીચો ગોકુળ પાસે છે. પૂતના પડ્યા પછી ધડાકો થાય છે. રાક્ષસીના વક્ષ: સ્થળ ઉપર બાલકૃષ્ણ વિરાજ્યા છે. ગોપીઓ દોડતી આવી.યશોદાને ઠપકો આપ્યો કે, અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં છે.મને બાળકની લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપીઓ કહે છે કે,થયો અને તને કદર નથી.કોઈ પારકી સ્ત્રીને તમારે બાળક સોપવું નહીં! આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે. લાલાને ગાયો વહાલી છે.તેમાં યે ગંગી ગાય બહુ જ વહાલી. લાલાની ઝાંખી ન થાય ત્યાં સુધી ગંગી ગાય પાણી પીતી નથી, ઘાસ પણ ખાતી નથી.ગોવાળો કહે,મા, લાલાને ગૌશાળામાં લઈ આવો લાલાને ગૌશાળામાં લઈ આવે, ત્યારે લાલાની ઝાંખી કરી ગંગી ગાય ખડ ખાણ ગોપીઓ કનૈયાને આ ગંગી ગાય પાસે લઈ જાય છે. અનેક વર્ષ તપસ્યા કરવા છતાં મનમાંથી અભિમાન ગયું નહીં, કામ ગયો નહીં, ત્યારે મોટા મોટા ઋષિમુનિઓ ગોકુળમાં ગાયો થઈ ને આવ્યા છે.

# લંચ કે ડિનર પછી ભૂલથી પણ નહીં કરશો આ પાંચ કામ, નહીંતર....

## આખરે એવી કઈ પાંચ આદતો છે જે તમારે જમ્યા બાદ કરવાનું ટાળવું જોઈએ

ઘણા લોકોને લંચ કે ડિનર કર્યા પછી ડેઝર્ટ કે મીઠાઈ ખાવાનું ખૂબ જ પસંદ હોય છે તો વળી કેટલાક લોકોને તરત જ ઊંઘવાની આદત હોય છે. વળી કેટલાક લોકો એવા પણ હોય છે કે જેમને ભોજન કર્યા પછી સ્મોક કરવાની આદત હોય છે. પણ શું તમને ખબર છે કે આ સિવાય પણ પાંચેક એવી આદતો છે કે જે કરવાનું તમારે ટાળવું જ જોઈએ, કારણ કે તમારી આ આદતની આરોગ્ય પર વિપરીત અસર જોવા મળી શકે છે. મોટા ભાગના લોકોને જમ્યા પછી તરત જ સૂઈ જવાની આદત હોય છે, પણ આવું કરવું આરોગ્ય માટે જોખમી છે અને આવું કરવાનું ટાળવું જોઈએ. ભોજન લીધા પછી તરત સૂઈ જવાથી પાચનક્રિયામાં અવરોધ ઊભો થાય છે અને ફૂડને ડાઈજેસ્ટ થવામાં લાંબો સમય લાગી શકે છે.



ઘણા લોકોને જમ્યા પછી તરત જ ધૂમ્રપાન કરવાની આદત હોય છે અને જો તમને પણ આવી ટેવ હોય તો આજે જ આ ટેવને છોડી દો, કારણ કે ખાધા પછી તરત જ સ્મોકિંગ કરવાથી સ્વાસ્થ્ય પર તેની ખરાબ અસર જોવા છે, આ સાથે સાથે જ તેની તમારા મેટાબોલિઝમ પર પણ ખરાબ અસર જોવા મળી શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે જમ્યા પછી ધૂમ્રપાન કરવું એ ૧૦ સિગારેટ પીવા જેટલું નુકસાન કરે છે. ક્યારેય પણ ભારે ભોજન કર્યા પછી તરત જ નહાવાની ભૂલ ન કરવી જોઈએ. આવું કરવાથી પાચન પ્રક્રિયાને મંદ પડે છે. જમ્યા બાદ નહાવાથી પેટની આસપાસ બ્લડ સર્ક્યુલેશન પર અસર જોવા મળે છે. સ્નાન કરતી વખતે, લોહી શરીરના બાકીના ભાગમાં સર્ક્યુલેટ છે અને પાચન ક્રિયામાં અવરોધ ઉભો કરે છે.

ફળોનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, એ વાતમાં કોઈ શંકા જ નથી, પરંતુ ભોજન કર્યા પછી તરત જ ફ્રૂટ્સનું સેવન કરવાનું ટાળવું જોઈએ, કારણ કે જમ્યા પછી ફળ ખાવાથી અપચો થઈ શકે છે. ફળો ખાવાનો શ્રેષ્ઠ સમય ભોજન પહેલાં અથવા પછીના બે કલાક માનવામાં આવે છે.

ચા એસિડિક હોય છે, કારણ કે તેમાં કેફીન હોય છે. જો તમને પણ જમ્યા પછી ચા પીવાની આદત હોય તો ખોરાક પચવામાં મુશ્કેલી પડી શકે છે. ફૂડ પાર્ટિકલ્સને તૂટવા માટે લાંબો સમય લાગી શકે છે અને જમ્યા પછી ચા પીવાથી આયર્નના શોષણમાં અવરોધ આવી શકે છે. આ જ કારણ છે કે ભોજન કર્યા પછી ચા પીવાનું ટાળવું જોઈએ.

## ઊંઘમાં તમને પણ થાય છે આવો ભાસ?



ઘણી વખત તમે ભર ઊંઘમાં હોવ અને અચાનક એવો ભાસ થાય કે તમે ઊંચાઈથી પડી રહ્યા હોવ એવો ભાસ થાય છેપ બસ આ અનુભવ પછી આંખોમાંથી ઊંઘ ગાયબ થઈ જાય છે અને તમે તમારી જાતને સરસ મજાના બેડમાં સૂતેલા જુઓ છો. આવા સમયે ઘણી વખત સવાલ થાય છે કે આવું કેમ થતું હશે, આવું થવાનું કારણ શું? આજે આ આર્ટિકલમાં તમને આનું કારણ જણાવીશુંપ સાયન્ટિફિક ભાષામાં આ પ્રક્રિયાને હિપ્રિક જર્ક તરીકે ઓળખવામાં આવે છે અને આ સમયગાળા દરમિયાન તમને આભાસ અને વાસ્તવિકતા વચ્ચેના અંતરનો ખ્યાલ જ નથી આવતો. આપણું મગજ કાયમ આપણા શરીરને કન્ટ્રોલ કરે છે અને એને એવી ટેવ હોય છે. મગજને શરીરના બધા અવયવોની માહિતી હોય છે. ક્યારે આપણે શ્વાસ લઈએ છીએ, ક્યારે ઊંઘીએ છીએ વગેરે વગેરે જેવી માહિતી મગજ પાસે હોય છે. સાવ સીધા શબ્દોમાં કહેવાનું થાય તો આપણું મગજ એ આપણા શરીરના કોમ્પ્યુટરનું સીપીયુ છે અને તે આપણને કોઈ પણ પ્રકારના જોખમથી બચાવવાનું કામ કરે છે. જોખમ જણાતા તે તાત્કાલિક આપણા મગજને સરંક્ષણ માટેના સિગ્નલ મોકલાવવાનું શરુ કરે છે. બેક ટુ ટ્રેક આવીએ અને વાત કરીએ તો જ્યારે આપણને ઊંઘમાં ઊંચાઈ પરથી પડી રહ્યા હોવાનો ભાસ થાય છે એ ઘટનાને હિપ્રિક જર્ક તરીકે ઓળખવવામાં આવે છે. આવો ભાસ જ્યારે પણ આપણને થાય છે ત્યારે આપણને ઊંઘ આવતી હોય છે અને આંખો બંધ થતી હોય છે. હાર્ટબીટ મંદ પડી રહી હોય છે અને આવી પરિસ્થિતિમાં ઘણી વખત મગજ ગૂંચવાઈ જાય છે. આપણું મૃત્યુ તો નથી થઈ રહ્યું ને એવી શંકા મગજને પડે છે અને તે તાત્કાલિક કાર્યરત થઈ જાય છે. આપણને જગાડવા માટે મગજ ખૂબ જ સ્માર્ટ ટેક્નિકનો ઉપયોગ કરે છે. મગજ આપણને એવો ભાસ કરાવે છે કે આપણે ઊંચાઈ પરથી પડી રહ્યા છીએ. આવી સ્થિતિમાં મગજ સિગ્નલ મોકલાવે છે અને આ સિગ્નલ મળતાં જ એક ઝટકો લાગે છે આપણને અને આપણે જાગી ઉઠીએ છીએ. આ રીતે મગજ પોતાની કામ પૂરું કરે છે અને આપણે જાગી જઈએ એટલે આપણે જીવતા છીએ એવું સમાધાન મગજને થાય છે.

## તરત જ બદલો આવી આદતો



જ્યારે કોઈ વ્યક્તિનું વજન અચાનક વધવા લાગે છે તો તેની પાછળ કેટલીક આદતો જવાબદાર હોઈ શકે છે. આવી સ્થિતિમાં આ આદતો પ્રત્યે સજાગ રહેવું જરૂરી છે. જાણો તેમના વિશેપ જ્યારે કોઈ વ્યક્તિનું વજન વધે છે, ત્યારે તે તેને ઘટાડવા માટે શું ઉપાય અપનાવે છે તે ખબર નથી. પરંતુ જો આપણે પહેલાથી જ જાણીએ કે કઈ આદતોથી વજન વધે છે, તો આપણે આપણું વજન વધતું અટકાવી શકીએ છીએ. હકીકત તો એ છે કે વજન વધવા માટે આપણી ખોટી જીવનશૈલી જ જવાબદાર હોય છે. આપણે આપણી જીવનશૈલીને જાણી જરૂર લાગે તો તેમાં યોગ્ય સુધારા કરી વજન વધતું અટકાવી શકીએ છીએ. આવી સ્થિતિમાં તેમના વિશે જાણવું જરૂરી છે. આજનો લેખ આ વિષય પર છે. આજે અમે તમને આ લેખ દ્વારા જણાવીશું કે કઈ આદતો આપણા વજનમાં વધારો કરવા માટે જવાબદાર હોઈ શકે છે. જો તમે તમારા વજનને નિયંત્રિત કરવા માંગો છો, તો સમયસર ખાવું જરૂરી છે. તણાવપૂર્ણ જીવનશૈલીના કારણે ઘણા લોકો માટે સમયસર જમવું શક્ય નથી હોતું. સમયસર ન ખાવાથી વ્યક્તિનું વજન વધી શકે છે. તમને નવાઈ લાગશે, પણ આ સાચી વાત છે.

પાણી પીવાથી વ્યક્તિના શરીરમાંથી ટોક્સિન્સ બહાર નીકળી શકે છે, પરંતુ જ્યારે વ્યક્તિ પુષ્કળ પ્રમાણમાં પાણી ન પીએ તો તેમાંથી ઝેરી તત્વો બહાર નથી આવતા અને વજન વધવાની સમસ્યા થઈ શકે છે. તંદુરસ્ત વ્યક્તિ માટે ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની ઊંઘ લેવી જરૂરી છે. આવી સ્થિતિમાં, જ્યારે વ્યક્તિ યોગ્ય રીતે ઊંઘી શકતો નથી કે તેની ઊંઘ પૂરી નથી થતી તો તે વ્યક્તિનું વજન વધી શકે છે.

## રાત્રે દહીં ખાવાથી થઈ શકે છે આ સમસ્યાઓ, જાણો રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ



જો તમે વડીલો ને પૂછો કે રાત્રે દહીં ખાવું જોઈએ તો તેઓ કડક શબ્દોમાં ના કહી દેશે. રાત્રે દહીં ખાવાની મોટાભાગના લોકો ના પાડે છે. તેનું કારણ પૂછવામાં આવે તો અલગ અલગ કારણ જણાવવામાં આવે છે. પરંતુ મોટાભાગના લોકો રાત્રે દહીં શા માટે ન ખાવું તેનું સાચું કારણ જાણતા નથી. આજે તમને રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ જણાવીએ. સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે રાત્રે પણ દહીં ખાઈ શકાય પરંતુ રાત્રે દહીં ખાતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. રાત્રે જો દહીં ખાવું હોય તો ખૂબ જ ઓછી માત્રામાં ખાવું જોઈએ. રાત્રે દહીં ખાવાની મનાઈ મોટાભાગના લોકો એટલા માટે કરે છે કે ડેરી પ્રોડક્ટ ફેટ અને પ્રોટીનથી ભરપૂર હોય છે. તેવામાં રાત્રે આ પ્રકારની વસ્તુઓ ખાવાથી પાચનમાં સમસ્યા થાય છે. જો પાચન બરાબર ન થાય તો અપચો, અનિંદ્રા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

## ઢગલાબંધ પોષક તત્વોથી ભરપુર છે આ ફ્રૂટ!



આજે અમે તમને નોની ફળના સ્વાસ્થ્ય લાભો રજૂ કરીએ છીએ જી હા, નોની એક એવું ફળ છે જે ઔષધિઓની યાદીમાં સમાવિષ્ટ છે, જેના પાંદડા, દાંડી, ફળ અને રસ તમામ દવા તરીકે વપરાય છે. એવું કહેવાય છે કે આ ચમત્કારિક ફળ ૧૦૦ થી વધુ રોગોને દૂર કરવાની શક્તિ ધરાવે છે અને ૧૫૦ થી વધુ પોષક તત્વો મળી આવે છે. નોની ફળોના ઔષધીય ગુણધર્મોને કારણે, તેનો ઉપયોગ રોગપ્રતિકારક શક્તિ વધારવા અને બિનઝેરીકરણ માટે પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તે એન્ટીઓકિસડન્ટ, વિટામિન સી, વિટામિન બી ૩, વિટામિન એ અને આયર્નથી સમૃદ્ધ છે. તે ઘણા રોગોના ઉપચારમાં અસરકારક છે.જો નોની ફળોનું સેવન કરવામાં આવે તો કેન્સર જેવા જીવલેણ રોગોને પણ રોકી શકાય છે. તમે સરળતાથી નોની જ્યુસ બજારમાં મેળવી શકો છો.

BOLLYWOOD NEWS FLASH

**નિતિભા કૌલની બિકિની તસવીરો સોશિયલ મીડિયામાં આગ લગાવે છે, ચાહકો તેના બોલ્ડ અંદાજને પસંદ કરી રહ્યા છે**

## બિકિનીમાં ખૂબ જ હોટ લાગે છે નિતિભા કૌલ



। મુંબઈ, તા.૨૬ ।

નિતિભા કૌલ પોતાની હોટ તસવીરોને લઈ ચર્ચામાં રહે છે. એક્ટ્રેસ ચાહકો સાથે તસવીરો શેર કરી છે. અભિનેત્રી બિકિની લૂકમાં ખૂબ જ હોટ લાગે છે. એક્ટ્રેસ નિતિભા કૌલની બિકિની તસવીરો સોશિયલ મીડિયામાં આગ લગાવે છે. ચાહકો તેના બોલ્ડ અંદાજને પસંદ કરી રહ્યા છે. બિગ બોસ ફેમ નિતિભા કૌલનો ગ્લેમરસ અંદાજ વાયરલ થયો છે. આ તસવીરોમાં નિતિભા કૌલ ગ્લેમરસ લુકમાં જોવા મળે છે. એક્ટ્રેસની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહી છે. નિતિભા બિગ બોસ ૧૦માં આવ્યા બાદ ફેમસ થઈ છે. નિતિભા કૌલ બિકિનીમાં હોટ પોઝ આપતી જોવા મળી રહી છે. ચાહકો આ તસવીરોને લાઈક કરી રહ્યા છે. નિતિભા કૌલે દિલ્હી યુનિ.માં બિઝનેસ સ્ટડીમાં ગ્રેજ્યુએશન કર્યું. નિતિભા મિસ ઈન્ડિયા પ્રતિયોગિતામાં ભાગ લઈ ચુકી છે. નિતિભા નાના પડદા પર પોતાની અદાઓથી લોકોને દિવના બનાવી ચુકી છે. નિતિભા કૌલ પોતાના શાનદાર ફોટોથી ફેન્સના હોશ ઉડાવે છે.

## રશ્મિકા તેમજ વિજયના રિલેશનશિપની થઈ પુષ્ટિ

। મુંબઈ, તા.૨૬ ।



સાઉથ એક્ટ્રેસ રશ્મિકા મંદન્ના આ દિવસોમાં તેની અપકમિંગ ફિલ્મ એનીમલને લઈને ચર્ચામાં છે. જો કે જ્યારે જ્યારે રશ્મિકાની વાત આવે ત્યારે ફેન્સને પહોલો પ્રશ્ન તેની લવ લાઈફને લઈને થાય છે. ત્યારે વિજય દેવેરાકોંડા સાથેના સંબંધોની વાત ફેન્સથી છુપી રહી નથી પણ બન્ને એકબીજાને ડેટ કરે છે કે નહીં તે વાત સ્વિકારતા પણ નથી. જો કે રશ્મિકા હાલ તેની ફિલ્મ એનિમલના પ્રમોશનમાં વ્યસ્ત છે. ત્યારે તાજેતરમાં જ અભિનેતા રણબીર કપૂરે તેમના સંબંધો વિશે કંઈક એવું કહ્યું કે તેનું નિવેદન વાયરલ થઈ ગયું. એક તરફ રશ્મિકા મંદન્ના તેની ફિલ્મ એનિમલને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે રણબીર મહત્વના રોલમાં જોવા મળશે. બીજી તરફ, અભિનેત્રી પણ તેના ડેટિંગના સમાચારોને કારણે લોકોમાં ઘણી લોકપ્રિયતા મેળવી રહી છે. અર્જુન રેડ્ડી એક્ટર વિજય દેવરાકોંડા અને રશ્મિકાના ડેટિંગની અફવાઓ આ દિવસોમાં ખૂબ વાયરલ થઈ રહી છે. આ દરમિયાન હવે રણબીર પણ તેમના સંબંધોની પુષ્ટિ કરતો જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ રણબીર કપૂર અને રશ્મિકા મંદન્ના નિર્દેશક સંદીપ રેડ્ડી સાથે તેમની ફિલ્મ એનિમલના પ્રમોશન માટે **NBK** પર નંદામુરી બાલકૃષ્ણના શો અનસ્ટોપેબલમાં જોવા મળ્યા હતા. આ દરમિયાન શોમાં વિજય દેવરકોંડાને લઈને કોઈ વાત પર ચર્ચા શરૂ થઈ હતી. ત્યારબાદ શોના હોસ્ટે અર્જુન રેડ્ડી અને એનિમલનું પોસ્ટર બતાવ્યું અને રશ્મિકાને તેમાંથી કોઈ એક પસંદ કરવાનું કહ્યું.

## અભિનેતા રણબીર કપૂરની કુલ સંપત્તિ ૩૪૫ કરોડ રૂપિયા

। મુંબઈ, તા.૨૬ ।

કપૂર પરિવારના પુત્ર અને બોલિવૂડ એક્ટર રણબીર કપૂરને કોઈ ઓળખની જરૂર નથી. સ્ટાર કિડ હોવા છતાં તેણે ક્યારેય તેનો કોઈ ફાયદો ઉઠાવ્યો નથી. પોતાની એક્ટિંગ કરિયરમાં સંઘર્ષ કરીને તેણે આજે એવું સ્થાન હાંસલ કર્યું છે કે તેના ફેન ફોલોઈંગનો અંદાજ લગાવવો ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ, શું તમે જાણો છો કે ઋષિ કપૂરના પુત્ર રણબીર કપૂર પાસે કેટલી સંપત્તિ છે. આ ઉપરાંત, ચાલો જાણીએ કે તેને ભવ્ય વસ્તુઓનો કેટલો શોખ છે. બોલિવૂડના બહુમુખી પ્રતિભાશાળી અભિનેતા રણબીર કપૂરની પારિવારિક પૃષ્ઠભૂમિ સમૃદ્ધ છે પરંતુ તેણે પોતાની મહેનત અને સમર્પણ દ્વારા સંપત્તિ કમાવી છે. તેને લક્ઝરી લાઈફનો શોખ છે. તે જ્યાં રહે છે તે ઘરની કિંમત અને તેની મોંઘી કાર કલેક્શનની કિંમત જાણીને તમે પણ ચોંકી જશો. રણબીર કપૂરની કુલ સંપત્તિની વાત કરીએ તો તેમની પાસે કુલ ૩૪૫ કરોડ રૂપિયા છે. આ સિવાય તેણે એક ઘર લીઝ પર લીધું છે જેની કિંમત ૪૫ લાખ રૂપિયા છે. એટલું જ નહીં, સંજુ એક્ટર તેની ફિલ્મો અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટથી પણ કમાણી કરે છે. તેમની કુલ સંપત્તિ ૩૦ કરોડ રૂપિયાથી વધુ છે. મુંબઈના પાલી હિલ્સમાં રહેતા રણબીર કપૂરના ઘરની કિંમત ૨૫થી ૩૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ દિવસોમાં અભિનેતા તેની આગામી ફિલ્મ એનિમલના પ્રમોશનમાં વ્યસ્ત છે. હાલમાં જ તેની ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે. જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. ટ્રેલરમાં રણબીરનો વિકરાળ લુક તેના ફેન્સને ખૂબ જ ઉત્તેજિત કરી રહ્યો છે. હવે ફિલ્મ રિલીઝ થવામાં વધુ સમય બચ્યો નથી. આ ફિલ્મ ૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં આવવા માટે તૈયાર છે.

**અનન્યા પાંડેએ ફરી એકવાર ચાહકોને તેના નવા ઘરની ઝલક બતાવી છે, અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી**

## ગૌરી ખાને અનન્યા પાંડેના ઘરનું ઇન્ટિરિયર કર્યું ડિઝાઇન

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડ એક્ટ્રેસ અનન્યા પાંડે થોડા દિવસો પહેલા જ પોતાના નવા ઘરમાં શિફ્ટ થઈ છે. તાજેતરમાં જ તેના ઘરની કેટલીક તસવીરો શેર કર્યા બાદ અભિનેત્રીએ કહ્યું કે તેને ગૌરી ખાને ડિઝાઈન કર્યું છે. અનન્યા પાંડેએ ફરી એકવાર ચાહકોને તેના નવા ઘરની ઝલક બતાવી છે. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે શાહરૂખ ખાનની પત્ની અને ફેમસ ઈન્ટીરીયર ડીઝાઈનર ગૌરી ખાન સાથે જોવા મળી છે. આ તસવીરો શેર કરતી વખતે અનન્યા પાંડેએ કેપ્શનમાં લખ્યું, મારું પહેલું ઘર... મારા સપનાનું ઘર. આભાર ગૌરી ખાન... હું શું ઈચ્છું છું તે સારી રીતે સમજવા માટે. યુ આર બેસ્ટ. અનન્યા પાંડે ધનતેરસના દિવસે પોતાના સુંદર ઘરમાં શિફ્ટ થઈ ગઈ. એક્ટ્રેસે તેના હાઉસવોર્મિંગની તસવીરો પણ ફેન્સ સાથે શેર કરી હતી. આ તસવીરોમાં જોઈ શકાય છે કે, અનન્યા નારિયેળ વધારીને ઘરમાં પ્રવેશી રહી છે. ચાહકોની સાથે સાથે ઘણા સેલેબ્સે પણ અભિનેત્રીને તેના નવા ઘર માટે અભિનંદન પાઠવ્યા છે. અનન્યા પાંડે બોલિવૂડ એક્ટર ચંકી પાંડેની મોટી દીકરી છે. જેણે પોતાના પિતાની જેમ અભિનયમાં કરિયર બનાવી અને આજે તે લોકપ્રિય અભિનેત્રી બની ગઈ છે. અનન્યા પાંડે હાલ બોલિવૂડ એક્ટર આદિત્ય રોય કપૂર સાથેના સંબંધોને લઈને ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા બંને એક ફિલ્મ ડેટ પર પણ જોવા મળ્યા હતા.



## ૯ લાખના શૂઝ અને ૫ મેનેજર, Orryની લગ્ઝરી લાઈફ સ્ટાઈલ

। મુંબઈ, તા.૨૬ ।

સૌથી વિવાદાસ્પદ ટીવી રિયાલિટી શો 'બિગ બોસ'ની ૧૭મી સીઝનમાં ઘણા ડ્રામા અને ટ્વિસ્ટ જોવા મળી રહ્યા છે. શો દરેક નવા એપિસોડ સાથે ધમાકો કરી રહ્યો છે. હાલમાં જ નવા વાઈલ્ડકાર્ડ સ્પર્ધકને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. આજે એટલે કે વીકએન્ડ કા વારમાં, ઓરહાન અવતારમણિ ઉર્ફે ઓરી સ્પર્ધક તરીકે શોમાં પ્રવેશ કરશે. કલર્સ ચેનલના ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા પ્રોમોમાં બતાવવામાં આવ્યું છે કે ઓરીએ સલમાન ખાનના શોમાં એન્ટ્રી કરી છે. આ દરમિયાન તે મંચ પર પોતાની સાથે ઘણો સામાન પણ લાવ્યો છે. સલમાન ખાન ઓરીનું સ્વાગત કરતા કહે છે કે અમે તેને આ શોમાં સન્માન સાથે મોકલીએ છીએ પરંતુ અમે તમને આટલો સામાન સાથે મોકલીશું. વધુમાં સલમાન કહે છે કે આખી દુનિયા જાણવા માંગે છે કે તમે શું કામ કરો છો? લક્ઝરી લાઈફ વિશે સાંભળીને સલમાન ખાનને પણ શરમ આવી! ઓરી કહે છે કે આખી દુનિયા જાણવા માંગે છે કે હું શું કામ કરું છું, તમને જણાવી દઈએ કે હું ઘણું કામ કરું છું. હું સવારે સૂર્ય સાથે જાગું છું અને રાત્રે ચંદ્ર સાથે ઉંઘુ છું. ઓરીનો આ જવાબ સાંભળીને સલમાન પણ ખૂબ હસવા લાગે છે. તે જ સમયે, સલમાન કહે છે કે લોકો એ પણ જાણવા માંગે છે કે તમને પાર્ટીમાં જવા માટે પૈસા મળે છે કે નહીં, આ સાંભળીને ઓરી કહે છે કે મને પૈસા નથી મળતા, લોકો મારા મેનેજરને ફોન કર્યા પછી મને ફોન કરે છે. સલમાન કહે મેનેજર? આના પર ઓરી કહે છે કે હા, મારી પાસે ૫ મેનેજર છે. તમને જણાવી દઈએ કે ઓરી ખૂબ જ વૈભવી જીવન જીવે છે. તે શોમાં પોતાની સાથે ઘણી બધી વસ્તુઓ પણ લાવ્યા છે. ઓરી પાસે ૯ લાખ ૮૦ હજાર રૂપિયાની ઘડિયાળથી લઈને ૧.૫ લાખ રૂપિયાની કિંમતના શૂઝ છે. આ બધું સાંભળીને બોલીવુડના દબંગ ખાન પણ ચૌંકી ગયા છે. આ સાંભળીને ઓરી કહે છે કે મને પૈસા નથી મળતા, લોકો મારા મેનેજરને ફોન કર્યા પછી મને ફોન કરે છે. સલમાન કહે મેનેજર? આના પર ઓરી કહે છે કે હા, મારી પાસે ૫ મેનેજર છે. તમને જણાવી દઈએ કે ઓરી ખૂબ જ વૈભવી જીવન જીવે છે. તે શોમાં પોતાની સાથે ઘણી બધી વસ્તુઓ પણ લાવ્યા છે. ઓરી પાસે ૯ લાખ ૮૦ હજાર રૂપિયાની ઘડિયાળથી લઈને ૧.૫ લાખ રૂપિયાની કિંમતના શૂઝ છે. આ બધું સાંભળીને બોલીવુડના દબંગ ખાન પણ ચૌંકી ગયા છે.

# નર્મદામાં કમોસમી વરસાદની અસર સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ જોવા મળી

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી વહેલી સવારથી ધુમ્મસને કારણે ઝીરો વિઝિલિટીનું દ્રશ્ય સર્જ્યું



**દીપક જગતાપ**

। રાજપીપળા, તા.૨૬ ।

નર્મદામાં કમોસમી વરસાદની અસર સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ જોવા મળી હતી. ખાસ કરીને સરદાર પટેલની પ્રતિમાનું ઝીરો વિઝીબીલિટીનું દ્રશ્ય સર્જાયુંહતું.તો બીજી તરફ વરસાદ ને કારણે પ્રવાસીઓ અટવાયા હતાં તો વરસાદમાં પલાળવાની મઝા પણ પ્રવાસીઓએ માણી હતી આજે વેકેશન ના છેલ્લા રવિવારની રજાનો આનંદ પ્રવાસીઓએ માણ્યો હતો.ખાસ કરીને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર પ ટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી વહેલી સવારથી ધુમ્મસને કારણે ઝીરો વિઝિલિટી નું દ્રશ્ય સર્જયું હતું સરદાર પટેલની મૂર્તિ અદ્રશ્ય થઈ ગઈ હોય ઝાંખી થઈ ગઈ હોય એવું દ્રશ્ય નજરે પડતું હતું ત્યાર પછી કમોસમી વરસાદ થવાને કારણે પણ વરસાદી માહોલ છવાયો હતો આજે રવિવારની રજા હોવાથી અને વેકેશન નો છેલ્લો દિવસ હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા હતા. પરંતુ અચાનક કમોસમી વરસાદ વાતાવરણમાં પલટો આવતા પ્રવાસીઓ વરસાદમાં સાથે છત્રી કે રેનકોટ ન લાવ્યા હોવાને કારણે વરસાદમાં પલળી જતાં દોડ ધામ મચી જવા પામી હતી. જેને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરીગઈ હતી.પ્રવાસીઓ આહલાદક વાતાવરણની મજા માણી રહ્યા હતા. કેટલાક પ્રવાસીઓ તો વરસાદમાં પલળવાની મજા પણ માણી રહ્યા હતા જ્યારે સાતપુરા અને વિંધ્યાચલની ગિરિમાળા વચ્ચે કુદરતી સૌંદર્ય અદભુત સોળે કળાએ ખીલ્યું હતું.જે અદભુત નજારો પ્રવાસીઓ માણી રહ્યાં છે.






**ઓમકારસિંહ ચૌહાણ**

આજરોજ સંતરામપુર તાલુકાના નગરપાલિકા ટાઉનહોલ ને આઝાદ મેદાન ખાતે ગાયત્રી શક્તિપીઠ ના ૨૫ મા પાટોત્સવ નિમિત્તે શ્રીમદ પ્રજ્ઞા પુરાણ કથા ની પૂર્ણહૂર્તિ કાર્યક્રમ સહપરિવાર સાથે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબ ઉપસ્થિત રહી આરતીનો લ્હાવો લીધો . વ્યાસપીઠ થી પ્રજ્ઞા પુત્રી શ્રીમતી મીનાક્ષીબેન કાબરીયાજી એ જણાવ્યું કે યુગશક્તિ ગાયત્રી એ મેગેઝીન નથી પરંતુ પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની ચિઠ્ઠી જે નસીબદાર ના ઘરે જ જાય છે ૨૧મી સદી ઉજ્વળ ભવિષ્ય લઈને આવી રહી છે ૨૦૨૬ સુધી જેટલું કાર્ય થાય તેટલું વધારે ગુરુ કાર્ય કરી ગુરુ ચરણમાં શીશ નમાવી ધન્યતા અનુભવીએ. આ પ્રસંગે પાર્ટીના સૌ કાર્યકર્તાઓ સરપંચશ્રી ઓ ગાયત્રી પરિવારના ઉપાશકો, તેમજ મોટી સંખ્યામાં ભક્તજનો,ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના થરા સહિત આજુબાજુના વિસ્તારમાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ



**યશપાલસિંહ ટી. વાઘેલા**

। થરા, તા.૨૬ ।

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવેલ જે મુજબ બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા માવઠ-ાથી ખેડૂતોને પશુપાલકો માર્કેટ યાર્ડ વેપારીઓને સાવચેતી રાખવાની જરુરી સુચના આપ વા માં આવેલ ત્યારે રવિવારે બનાસકાંઠા જિલ્લાના ડીસા કાંકરેજ દીઓદર ભાભર વાવ થરાદ તાલુકાઓમાં ઉગતા દિવસની સાથે જ આકાશમાં વાદળો ચડી આવ્યા હતા અને કાળજાં ધ્રુજાવે તેવા ગાજવીજ સાથે કમોસમી વરસાદ (માવઠા) ની શરૂઆત થતાં ખેડૂતો પશુ પાલકોમાં ચિંતા જોવા મળી હતી.

રવિ પાકોમાં રાયડાના ફુલ ખરી પડયા અને ડુંગળીના રોપ તેમજ એરંડામાં તથા તાજેતરમાં વાવેતર કરેલા જીરાના પાકને પણ નુકસાન થયાની દહેશત સેવાઈ રહી છે. બિન સત્તાવાર માહિતી મુજબ કાંકરેજ તાલુ-કાના ખારીયા ગામે આકાશી વીજળી પડતાં એક ભેંસનું મોત થયેલ.કાંકરેજ તાલુકાના થરા સહિત આજુબાજુના વિસ્તારમાં હવામાન વિભાગની આગાહી અનુસાર તા.૨૬/૧૧/ ૨૦૨૩ની સવારથી કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ તુટી પડયો હતો .

કાંકરેજ તાલુકા થરા સહિત આજુબાજુના વિસ્તારમાં કમોસમી વરસાદથી સમગ્ર પંથકમાં ઘાસચારા કૃષિપ ાકોને નુકસાન થયું હોવાના સમાચાર મળે છે તો આજે દેવદિવાળી ગુરૂનાનક જયંતી તા.૨૭/૧૧/૨૩ ને સોમવારે પણ હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદ પડી શકે છે.

# અમદાવાદ RTEથી પ્રવેશ મેળવનાર ૩૩ વિદ્યાર્થીના પ્રવેશ રદ કરાયા

। અમદાવાદ,તા.૨૬ ।

અમદાવાદમાં RTEથી પ્રવેશ મેળવનાર ૩૩ વિદ્યાર્થીના પ્રવેશ રદ થશે. વાત જાણે એમ છે કે, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત હેઠળ પ્રવેશ પ્રક્રિયામાં ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ મેળવ્યો તેવા ૩૦૮ બાળકોની ખાનગી સ્કૂલો દ્વારા DEO કચેરીમાં રજૂઆત કરાઈ હતી. જે બાદમાં ૩૩ બાળકોના ખોટા પ્રવેશ થયા હોવાનું પુરવાર થયું હતું.અમદાવાદમાં ઈઈથી પ્રવેશ પ્રક્રિયામાં ખોટા ડોક્યુમેન્ટથી એડમિશન અંગે ખાનગી શાળાઓએ DEO એ રજૂઆત કર્યા બાદ શુક્રવારે ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલ ગ્લોબલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્કૂલના ૩૫ બાળકોનું હિયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૩૩ બાળકોના ખોટા પ્રવેશ થયા હોવાનું પુરવાર થયું છે. જેથી આ બાળકોના પ્રવેશ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાંથી ૩૩ બાળકોના ખોટા પ્રવેશ થયા હોવાનું પુરવાર થયું છે. જેથી આ બાળકોના પ્રવેશ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# વસ્ત્રાલમાં સિક્યુરિટી ગાર્ડ પર રિક્ષા ચડાવી દઈ મોત નિપજાવનાર ઝડપાયો

## રિક્ષાને સોસાયટીમાં જવા માટે એન્ટ્રી કરવાનું સિક્યુરિટી ગાર્ડ દ્વારા કહેવામાં આવ્યુ હતું પરંતુ રિક્ષાના ચાલકે મનમાની કરીને ઘર્ષણ સર્જી દીધું

। અમદાવાદ, તા.૨૬ ।

વસ્ત્રાલમાં એક સિક્યુરીટી ગાર્ડને પ્રમાણિકતાથી કામ કરવાની મળી સજા. સોસાયટીમાં પ્રવેશ કરતા રિક્ષા ચાલકને સિક્યોરિટી ગાર્ડ અટકાવી એન્ટ્રી કરવાનું કહેતા રીક્ષા ચાલકે સિક્યુરીટી ગાર્ડ પર રિક્ષા જ ચડાવી દઈને ક્રૂરતા પૂર્વકનો હુમલો કર્યો હતો. જે બાદ સારવાર દરમિયાન સિક્યુરીટી ગાર્ડનું મોત થતા રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી રીક્ષા ચાલકની ધરપકડ કરી હતી. અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા પ્રણામી બંગ્લોઝમાંથી પેસેન્જર દ્વારા રિક્ષા ઓનલાઈન એપ્લિકેશન આધારે બુક કરાવી હતી. જેના આધારે એક રિક્ષા સોસાયટીના ગેટ પર પહોંચી હતી. જે રિક્ષાને સોસાયટીમાં જવા માટે એન્ટ્રી કરવાનું સિક્યુરિટી ગાર્ડ દ્વારા કહેવામાં આવ્યુ હતું. પરંતુ રિક્ષાના ચાલકે મનમાની કરીને ઘર્ષણ સર્જી દીધુ હતું. બે દિવસ અગાઉ આ ઘટનામાં વસ્ત્રાલના પ્રણામી બંગ્લોઝમા સિક્યુરીટી ગાર્ડ પર એક રીક્ષા ચાલકે રિક્ષા ચઢાવીને જીવલેણ ઈજા પહોચાડી હતી. જે હુમલામાં ગાર્ડને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સિક્યોરિટી ગાર્ડનું મોત થતા રામોલ પોલીસે રીક્ષા ચાલક વિરુદ્ધ હત્યાની કલમો ઉમેરી આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા પ્રણામી બંગ્લોઝમાંથી પેસેન્જર દ્વારા રિક્ષા ઓનલાઈન એપ્લિકેશન આધારે બુક કરાવી હતી. જેના આધારે એક રિક્ષા સોસાયટીના ગેટ પર પહોંચી હતી. જે રિક્ષાને સોસાયટીમાં જવા માટે એન્ટ્રી કરવાનું સિક્યુરિટી ગાર્ડ દ્વારા કહેવામાં આવ્યુ હતું. પરંતુ રિક્ષાના ચાલકે મનમાની કરીને ઘર્ષણ સર્જી દીધુ હતું. બે દિવસ અગાઉ આ ઘટનામાં વસ્ત્રાલના પ્રણામી બંગ્લોઝમા સિક્યુરીટી ગાર્ડ પર એક રીક્ષા ચાલકે રિક્ષા ચઢાવીને જીવલેણ ઈજા પ હોચાડી હતી. જે હુમલામાં ગાર્ડને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સિક્યોરિટી ગાર્ડનું મોત થતા રામોલ પોલીસે રીક્ષા ચાલક વિરુદ્ધ હત્યાની કલમો ઉમેરી આરોપીની ધરપકડ કરી છે. રિક્ષા ચાલક મનીષ સૈની રેપિડોમાં ઓટો રિક્ષા ચલાવે છે. જે પ્રણામી બંગલોઝ માં રહેતા પ્રમોદભાઈ મહેશ્વરીના ઘરના સભ્યોને રેલવે સ્ટેશન જવાનું હોવાથી તેમણે રેપિડો એપ્લીકેશન મારફતે ઓનલાઈન રીક્ષા બુક કરાવી હતી. રિક્ષા બુક કરાવ્યા બાદ ચાલક પેસેન્જરને લેવા આવ્યો હતો. જોકે નિયમ પ્રમાણે સિક્યુરિટી ગાર્ડએ રજીસ્ટરમાં એન્ટ્રી કરવાનું કહેતા મામલો બીચક્યો હતો. રિક્ષા ચાલકએ સિક્યુરિટી ગાર્ડ નરેશ મોદી પર રિક્ષા ચઢાવીને ઈજા પહોંચાડતા સારવાર દરમિયાન સિક્યુરિટી ગાર્ડનું મોત નિપજ્યું છે. જે ગુનામાં પોલીસે આરોપી મનીષ ની ધરપકડ કરી વધુ કાર્યવાહી શરુ કરી છે. રિક્ષા બુક કરાવ્યા બાદ ચાલક પેસેન્જરને લેવા આવ્યો હતો. જોકે નિયમ પ્રમાણે સિક્યુરિટી ગાર્ડએ રજીસ્ટરમાં એન્ટ્રી કરવાનું કહેતા મામલો બીચક્યો હતો. રિક્ષા ચાલકએ સિક્યુરિટી ગાર્ડ નરેશ મોદી પર રિક્ષા ચઢાવીને ઈજા પહોંચાડતા સારવાર દરમિયાન સિક્યુરિટી ગાર્ડનું મોત નિપજ્યું છે. જે ગુનામાં પોલીસે આરોપી મનીષ ની ધરપકડ કરી વધુ કાર્યવાહી શરુ કરી છે. રિક્ષા બુક કરાવ્યા બાદ ચાલક પેસેન્જરને લેવા આવ્યો હતો. જોકે નિયમ પ્રમાણે સિક્યુરિટી ગાર્ડએ રજીસ્ટરમાં એન્ટ્રી કરવાનું કહેતા મામલો બીચક્યો હતો. રિક્ષા ચાલકએ સિક્યુરિટી ગાર્ડ નરેશ મોદી પર રિક્ષા ચઢાવીને ઈજા પહોંચાડતા સારવાર દરમિયાન સિક્યુરિટી ગાર્ડનું મોત નિપજ્યું છે. જે ગુનામાં પોલીસે આરોપી મનીષ ની ધરપકડ કરી વધુ કાર્યવાહી શરુ કરી છે.

"જીવન ઉત્સવ- એક નવી શરૂઆત" આ વિષય ઉપર પ્રવચન આપશે..

# વરિષ્ઠ પ્રેરક વક્તા - બ્રહ્માકુમારી શિવાનીદીદીનું ૩૦મીએ થશે રાજપીપલામાં આગમન



**દીપક જગતાપ**

। રાજપીપળા, તા.૨૬ ।

બ્રહ્માકુમારી શિવાનીદીદી વરિષ્ઠ પ્રેરક વક્તા અને આધ્યાત્મિક શિક્ષિકા તરીકે વિશ્વભરમાં જેમના પ્રવચનો સાંભળવા લાખોનીજનમેદની ઉમટે છે. અને રાષ્ટ્રપતિ દ્વારા નારી શક્તિ પુરસ્કાર ૨૦૧૮ દ્વારા સન્માનીત શિવાનીદીદીઉર્ફે બી કે શિવાની ના અનેક સેમિનાર અને ટેલિવિઝનનાં કાર્યક્રમો દ્વારા લાખો લોકોનું જીવન બદલનાર કુશળ, લોકપ્રિય વક્તા છે. જેઓનું આગમન પહેલી વાર રાજપીપલામાં થઈ રહ્યું છે, તા.૩૦નવેમ્બર ના રોજ રાજપીપલા જીન કમ્પાઉન્ડમાં બ્રમ્હા કુમારી શિવાનીદીદી સાંજે ૬કલાકે વિરાટ જનમેદનીને સંબોધશે. તેઓ "જીવન ઉત્સવ- એક નવી શરૂઆત'' આ વિષય ઉપર શિવાનીદીદી પોતાનુંમનનીય પ્રવચન આપશે.. આ અંગે રાજપીપલા બ્રહ્મા કુમારી કેન્દ્ર ખાતે બ્રહ્મા કુમારી જવનીકા બેન, ભરુચ સબ ઝોનના ઈન્ચાર્જ બ્રહ્મા કુમારીપ્રભાબેને પત્રકાર પરિષદમાં કાર્યક્રમ અંગેની વિશેષ માહિતીઅને સમગ્ર કાર્યક્રમની રૂપ રેખા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બ્રહ્માકુમારી રાજપીપળાની સુવર્ણ જયંતિ નિમિત્તે રાજપીપળામાં પહેલીવાર બ્રહ્માકુમારી શિવાનીદીદી નું આગમન થઈ રહ્યું છે. જેની તડામાર તૈયારીઓ થઈ રહી છે, તારીખ ૩૦ મી નવેમ્બરના રોજ સાંજે ૬:૦૦ કલાકે જીમ કમ્પાઉન્ડ હરસિધ્ધિ માતા ના મંદિર ની સામે રાજપીપળા ખાતે જીવન ઉત્સવ -એક નવી શરૂઆત વિષય ઉપર શિવાની બેન પોતાનું પ્રવચન આપશે..

# વડોદરામાં આરોગ્યકર્મીઓની દારૂ પાર્ટીનો વીડિયો વાયરલ થયો

। વડોદરા,તા.૨૬ ।

આરોગ્યકર્મી વિકુશ રાણા સહિત ૮ શખ્સોની દારૂની મહેફિ-ફલનો વીડિયો વાયરલ થયો છે. અન્ય લોકો મનપાના કર્મચારીઓ છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. વડોદરા મહાનગર પાલિકાના આરોગ્યકર્મીઓની દારૂપાર્ટીનો વીડિયો વાયરલ થયો છે. શિયાબાગ આરોગ્ય કેન્દ્રમાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓની દારૂ પાર્ટીનો એક વીડિયો સામે આવ્યો છે. પોલીયો દિવસે બપોરના સમયે આ દારૂની મહેફિલ યોજાઇ હતી. ફેબ્રુઆરી મહિનાનો વડોદરાનો વીડિયો હાલ વાયરલ થયો છે. આરોગ્યકર્મી વિકુશ રાણા સહિત ૮ શખ્સોની દારૂની મહેફિલનો વીડિયો વાયરલ થયો છે. અન્ય લોકો મનપાના કર્મચારીઓ છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ આરોગ્યકર્મીના દારૂપાર્ટી મુદ્દે વડોદરા મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનું નિવેદન સામે આવ્યુ છે. સ્ટ-ેન્ડિંગ કમિટીના ચેરમેન ડૉ.શીતલ મિસ્ત્રીએ જણાવ્યુ કે વાયરલ વીડિયો મુદ્દે ખાતાકીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. દારૂપાર્ટીમાં કોણ કોણ સામેલ હતું તે અંગે તપાસ હાથ ધરવામાં આવશે. જૂનો વીડિયો હોવાથી સેમ્પલ લઈને તપાસ કરવી મુશ્કેલ છે. ડૉ.શીતલ મિસ્ત્રીએ જણાવ્યુ કે કર્મચારીઓ દોષિત જણાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. કોન્ટ્રાક્ટ અને કાયમી કર્મચારીઓ વિરૂદ્ધ કાર્યવાહી થશે. તો દોષિત કર્મચારીઓ વિરૂદ્ધ કાર્યવાહી માટે કાયદાકીય સલાહ લેવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સાંજે થોડીક હળવાશ માણો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્ત્રોત દેખાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

### ન્યૂઝ બ્રિફ

## બેફામ કાર ડ્રાઈવિંગ કરી રહેલા સગીરે ૨ વિદ્યાર્થીને અડફેટે લીધા

। રાજકોટ,તા.૨૬ ।

કાલાવડ રોડ પર આવેલી આત્મીય કોલેજના કેમ્પસમાં સગીરે અકસ્માત કર્યો હોવાનું સામે આવ્યુ છે. કોલેજ કેમ્પસમાં બેફામ કાર ડ્રાઈવિંગ કરી રહેલા સગીરે ૨ વિદ્યાર્થીને અડફેટે લીધા હતા.જેમાં એક વિદ્યાર્થીને ઈજા પહોંચી છે. અકસ્માત બાદ સગીર કાર લઈને ફરાર થઈ ગયો છે.પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરીને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનું નિવેદન લીધું છે રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. તો રાજકોટમાં વધુ એક અકસ્માતની ઘટના બની છે. જેના પગલે રાજકોટ શહેરમાં રફતારનો કહેર જોવા મળ્યો હતો. કાલાવડ રોડ પર આવેલી આત્મીય કોલેજના કેમ્પસમાં સગીરે અકસ્માત કર્યો હોવાનું સામે આવ્યુ છે. કોલેજ કેમ્પસમાં બેફામ કાર ડ્રાઈવિંગ કરી રહેલા સગીરે ૨ વિદ્યાર્થીને અડફેટે લીધા હતા.જેમાં એક વિદ્યાર્થીને ઈજા પહોંચી છે. અકસ્માત બાદ સગીર કાર લઈને ફરાર થઈ ગયો છે. પ ોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરીને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનું નિવેદન લીધું છે. માત્ર ૧૫ વર્ષની અપરિપ ક્વ વયે બેફામ ડ્રાઈવિંગ કરીને સગીરે નિયમોના જાહેરમાં ધજાગરા ઉડાડ્યા છે.

## પ્રેમી પંખીડાએ પુલ પરથી પડતું મુકીને મોતને વ્હાલુ કર્યું

। નર્મદા,તા.૨૬ ।

નર્મદા જિલ્લામાંથી એક મોતીની છલાંગનો કિસ્સો સામે આવ્યો છે, અહીં એક પ્રેમી પંખીડાએ પુલ પરથી પડતુ મુકીને મોતને વ્હાલુ કર્યુ છે, છેલ્લા કેટલાક સમયથી ૧૯ વર્ષીય યુવક અને ૧૮ વર્ષીય યુવતી એકબીજાના પ્રેમમાં હતા અને બન્ને સાથે જીવવા માંગતા હતા પરંતુ ઘરવાળાના ના ના કારણે બન્નેએ મોતનું વ્હાલુ કરી દીધુ છે. આ ઘટના જિલ્લાના ગરુડેશ્વરમાં ઘટી છે. મળતી માહિતી પ્રમાણે, નર્મદા જિલ્લામાં એક પ્રેમી પંખીડાએ મોતને વ્હાલુ કરી લીધુ છે. છેલ્લા કેટલાક સમયથી એકબીજાને પ્રેમ કરી રહેલા યુવક યુવતીએ સાથે મોતને વ્હાલુ કર્યુ છે. જિલ્લાના ગરુડેશ્વર નજીકના વઘરાલીનો ૧૯ વર્ષીય યુવક અને કમોસબીયાની ૧૮ વર્ષીય યુવતી એકબીજાને પ્રેમ કરી રહ્યાં હતાં, જોકે, બન્નેના ઘરવાળાઓ આ સંબંધથી નાખુશ હતા, જે પછી તેમને સાથે જીવન ટુંકાવવાનું નક્કી કર્યુ, બન્નેએ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર પુલ પરથી નીચે પડતુ મુક્યુ હતુ,

### ડોક્ટર્સ પણ ચોંકી ઉઠ્યા

# મહિલાએ એક સાથે ૪ બાળકોને આપ્યો જન્મ

### ૩૨ વર્ષીય ગર્ભવતી મહિલાએ એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યો છે, આવો ચોંકાવનારા કિસ્સાઓ બહું ઓછા જોવા મળતા હોય છે

। ભોજપુર, તા.૨૬ ।

એક ગર્ભવતી મહિલાએ એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. એક સાથે ચાર બાળકોને જન્મ આપવો એ એક ચોંકાવનારો કિસ્સો છે. સગર્ભાએ એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યા બાદ મહિલા સ્વસ્થ હોવાનું પણ સામે આવ્યું છે. બક્સર જિલ્લાના છોટકી નૈનીજોર ગામના રહેવાસી ભરત યાદવની ૩૨ વર્ષીય પત્ની જ્ઞાનતી દેવીને પ્રસૂતિની પીડા ઉપડ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ગર્ભવતી મહિલાએ એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યો હતો. આ બાળકોના જન્મના સમાચાર બાદ ભરત



યાદવના સમગ્ર પરિવારમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. માતા જ્ઞાનતી દેવી અને પિતા ભરત યાદવ એકસાથે

ચાર બાળકોના જન્મથી ખૂબ જ ખુશ છે અને તેઓ ખુશ છે. હવે બાળકોના માતા-પિતા મળીને ચારેય બાળકોનો ઉછેર કરી રહ્યા છે. બાળકના જન્મ અંગે બાળકના પિતા ભરત યાદવે જણાવ્યું કે, અમારે એક છોકરો અને એક છોકરી છે. આ પછી, આજે એક સાથે ચાર બાળકોનો જન્મ થયો છે, જે તમામ છોકરાઓ છે. આ માહિતી મળ્યા પછી, અમે ખૂબ જ ખુશ થયા છીએ. સૌથી મોટી ખુશી એ છે કે, માતા અને બાળક બંને સુરક્ષિત છે. સુરક્ષિત ડિલિવરી પ છી, ચાર બાળકોને એકસાથે ઉછેરવામાં ચોક્કસ સમસ્યા છે, પરંતુ મને બાળકોની માતાનો સંપૂર્ણ સહકાર મળી રહ્યો છે. આ સિવાય ઘરના અન્ય સભ્યો પણ બાળકોને એકલા છોડતા નથી. જોકે, માતાના દૂધમાં થોડી સમસ્યા છે, કારણ કે ચારેય બાળકો એક સાથે ભૂખ્યા થતા હોવાને કારણે એકસાથે રડવા લાગે છે. તે સમયે કેટલીક સમસ્યા થાય છે, પરંતુ કોઈને કોઈ રીતે તેનું ધ્યાન રાખવામાં આવે છે. બાળકોની સુરક્ષિત ડિલિવરી માટે મહિલા ડૉક્ટર ડૉ. ગુંજન સિંહ અને તેમના પતિ ડૉ.વિકાસ સિંહે સિઝેરિયન ડિલિવરી દ્વારા મહિલાની સફળતાપૂર્વક ડિલિવરી કરાવી હતી. તેઓએ કહ્યું કે, જ્યારે ગર્ભવતી મહિલા અમારી પાસે આવી ત્યારે અમને ખબર ન હતી કે તે ચાર બાળકો સાથે ગર્ભવતી છે. ઓપરેશન દરમિયાન ખબર પડી કે, મહિલાના પેટમાં એક નહીં પણ ચાર બાળકો છે.

### દુનિયામાં વધતી વસતી વચ્ચે એક રાહતના સમાચાર

# વિશ્વની વસતી આઠ અરબથી ઘટીને ૨ અરબ થવાનો અંદાજ

। વોશિંગ્ટન, તા.૨૬ ।

દુનિયામાં વધતી વસતી વચ્ચે એક રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દુનિયાના ઘણા દેશોમાં જન્મદરમાં ઘણો સુધારો થયેલો જોવા મળે છે. ભારતમાં પણ આ મામલે શાનદાર પ્રદર્શન કર્યુ છે. એક રીપોર્ટ અનુસાર, આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વની વસ્તી ૮ અબજથી ઘટીને ૨ અબજ થઈ જશે. જો વર્તમાન સમયની વાત કરીએ તો ભારત અને ચીનની વસ્તી જ ૩ અબજની આસપાસ છે. જો કે, આ રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૫૦ અને ૨૦૮૦ ની વચ્ચે વિશ્વની વસ્તી તેની મહત્તમ ૧૦ અબજની આસપાસ પહોંચી જશે. આ પછી તેમાં ઘટાડો જોવા મળી શકે છે.

યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પોપ્યુલેશન રિસર્ચ સેન્ટરમાં કામ કરતા મહાન અર્થશાસ્ત્રી ડીન સ્પીયર્સે ધ ન્યૂયોર્ક ટાઈમ્સ માટે લખેલા તેમના લેખમાં ઘણા ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું છે કે આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વમાં મનુષ્યનો જન્મ દર ૧.૫ની આસપાસ રહેશે. હાલમાં તે ઘણા દેશોમાં ૨ થી વધુ છે. વર્ષ ૨૦૨૨માં દક્ષિણ આફ્રિકામાં જન્મ દર ૨.૧ની આસપાસ રહેશે,




ઈન્ડોનેશિયામાં તે ૧.૯ અને ભારતમાં ૧.૮ની આસપાસ રહેશે. ભારતે જન્મ દર વધારવાની બાબતમાં ઘણો સુધારો કર્યો છે. ૨૦૨૦ માં તે ૨ની નજીક હતો. હવે તે ઘટીને ૧.૮ થઈ ગયો છે. જે વધુ નીચે જવાની શક્યતાઓ પણ છે. હાલમાં ભારતમાં સૌથી વધુ યુવાનો છે. સૌથી વધુ વસ્તી સરેરાશ ૨૮ વર્ષની છે. જો કે, ૨૦૪૮ સુધીમાં તે વધીને ૪૦ થઈ શકે છે.

### ભારત વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસી. સામે હારી ગયું

# ઓસ્ટ્રેલિયન મીડિયાએ હાર પર ટીમ ઈન્ડિયાની મજાક ઊડાવી

### એક ઓસ્ટ્રેલિયન મીડિયાના સોશ્યલ મીડિયા પેજ પર ભારતીય ખેલાડીઓ પ્રત્યે અપમાનજનક પોસ્ટ મુકાઈ

। સિડની, તા.૨૬ ।

ઓસ્ટ્રેલિયાએ વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલ મેચમાં ભારતને ૬ વિકેટથી હરાવીને ટ્રોફી પોતાના નામે કરી હતી. ભારતીય ક્રિકેટ ટીમે વન- વર્લ્ડ કપ ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે લીગ મેચ અને સેમિફાઈનલ એમ સતત ૧૦ મેચ જીતી હતી. પરંતુ ફાઈનલ મેચમાં ભારતને ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

આ હાર પછી ઓસ્ટ્રેલિયાના કેટલાંક મીડિયા હાઉસે ભારતની મજાક ઉડાવી હતી. તેમાંથી એક ઓસ્ટ્રેલિયન મીડિયાના સોશ્યલ મીડિયા પેજ પર ભારતીય ખેલાડીઓ પ્રત્યે અપમાનજનક પોસ્ટ મૂકવામાં આવી છે, જેને ગ્લેન મેક્સવેલ અને ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ દ્વારા લાઈક અને તેના પર કોમેન્ટ પણ કરવામાં આવી છે.

સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા આ ફોટોને કેપ્શન આપવામાં આવ્યું છે કે, 'સાઉથ ઓસ્ટ્રેલિયાના એક



વ્યક્તિએ ૧૧ બાળકોને જન્મ આપીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ સોશ્યલ મીડિયા પોસ્ટનો અર્થ એ હતો કે સાઉથ ઓસ્ટ્રેલિયાના રહેવાસી ટ્રેવિસ હેડે ભારત સામે વર્લ્ડકપની ફાઈનલ મેચમાં સદી ફટકારીને પોતાની ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવી હતી અને રોહિત શર્મા સહિત તેની ટીમ પાસે તેને રોકવાનો કોઈ રસ્તો નહોતો. ઓસ્ટ્રેલિયન મીડિયા દ્વારા ભારતીય ખેલાડીઓ માટે કરવામાં આવેલી આ અપ માનજનક પોસ્ટ પર ગ્લેન મેક્સવેલે લાઈક કરી છે.

### ઓસી. સામેની ટીર૦ શ્રેણીમાં સુર્યકુમાર સુકાની

# ટીર૦માં સૌથી વધુ સિક્સર્સના મામલે સુર્યકુમાર ૧૦મા ક્રમાંકે

। મુંબઈ, તા.૨૬ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ મેચોની ટી૨૦ સિરીઝમાં સૂર્યકુમાર યાદવે ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. આ સાથે તે ટી૨૦ ફોર્મેટમાં ભારત માટે કેપ્ટનશીપ કરનાર ૧૩મો કેપ્ટન બની ગયો હતો. સૂર્યાએ લક્ષ્યનો પીછો કરતા ૮૦ રન બનાવ્યા અને ભારતને જીત અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવી સિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી.

સૂર્યકુમાર યાદવ માટે આ મેચ ખૂબ જ મહત્વપૂર્ણ હતી કારણ કે આ ઈનિંગ દરમિયાન તે ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર બેટ્સમેનોની લીસ્ટમાં ૧૦મા સ્થાને આવી ગયો છે. સૂર્યાએ તેની ઈનિંગ દરમિયાન ૪ છગ્ગા ફટકાર્યા અને તેણે કોલિન મુનરો, ગ્લેન મેક્સવેલ, ડેવિડ વોર્નર અને ડેવિડ મિલરને પાછળ છોડી દીધા હતા. આ સિવાય ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવ્યા બાદ સૂર્યકુમાર યાદવ સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેનોની લીસ્ટમાં ચોથા નંબર પર આવી ગયો છે. સૂર્યાને તેની વિસ્ફોટક ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો. સૂર્યાનો આ ૫૪ મેચમાં ૧૩મો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ હતો. તેણે આ મામલે કેપ્ટન રોહિત શર્માને પાછળ છોડી દીધો છે. રોહિતના નામે ૧૨ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ છે. સૂર્યકુમાર યાદવથી આગળ માત્ર વિરાટ કોહલી છે. કોહલીના નામે ૧૫ પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ છે.



ફનોમ પેન્હ, કંબોડિયામાં વોટર ફેસ્ટિવલ દરમિયાન કંબોડિયન સહભાગીઓ તેમની લાકડાની હોડીને પંક્તિમાં મૂકે છે.

## વિશેષ લેખ

### ત્રણ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની આદિવાસી શ્રદ્ધાળુંઓ ઉમટ્યા

# નર્મદાના ભાદરવાદેવ ખાતે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતો કાર્તિકી પૂનમના ભાતીગળ મેળો યોજાયો



### સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ







નંદનવન સમી આપણી પૃથ્વીથી ૧૨,૭૦૦ કિલોમીટર દૂરરહીને ભ્રમણ કરતો ૩૪૭૫ કિ.મી. વ્યાસવાળો પૃથ્વીનો ઉપ ગ્રહ ચંદ્રની ધરતી ઉપર સેંકડો વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો છે. એવા સંશોધકોના અહેવાલે તમામ વૈજ્ઞાનિકોની નજર ફરી ચંદ્ર ભણી ખોડાઈ ગઈ છે. અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાએ અવકાશી અભિયાન દ્વારા જણાવ્યું હતું કે ચંદ્ર ઉપર હજારો ચોરસ માઈલનાવિસ્તારમાં પાણીનો અસીમ જથ્થો બરફ સ્વરૂપે છુપાયેલો પડ્યો છે. નાસાના લ્યુનર પ્રોસ્પેક્ટર રોબોટ દ્વારા મોકલવામાં આવેલીમાનિવાઈની વાત તો એ છે કે જ્યારે ચંદ્ર ઉપર જીવનના કોઈ પ ુરાવા નથી એવું ફલિત થયા પછી વૈજ્ઞાનિકોએ ચંદ્ર ઉપરનાંસંશોધનો અંગે લગભગ ચોકડી જ મારી દીધી હતી. ચંદ્ર ઉપર વસાહત સ્થાપવાની યોજના પણ પડતી મૂકવી પડી હતી. રશિયા અને અમેરિકા બંને દેશોએ ચંદ્ર ઉપર નજર માંડ્યા પછી અનેક અવકાશયાનો રવાના કરી ચંદ્ર વિશેની જાણકારી મેળવવા કરોડોનો ધુમાડો કર્યો. રશિયાએ ૧૯૬૮માં યુરીગાગારિનને અવકાશમાં મોકલી સૌ પ્રથમ અવકાશયાત્રી બનાવવાની સિદ્ધિ મેળવ્યા પછી ૬૯માં અમેરિકાએ ઈગલનેચંદ્રની ધરતી ઉપર ઉતાર્યું. તેમાંથી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર સૌથી પહેલો પગ મૂક્યો. એ પ છી ત્રણેક વર્ષ સુધી ચંદ્રયાત્રાઓ યોજાઈ અને સંશોધનો થયાં. ૧૯૭૨માં ઍપોલો૧૭ના અવકાશયાત્રીઓએ ચંદ્રને ગુડબાય કર્યું ત્યારથી ચંદ્રયાત્રાઓ યોજાતી લગભગ બંધ પડી ગઈ. એ દરમ્યાન રશિયા અને અમેરિકા મળીને કુલ નવ યાનો અને ૧૨ અવકાશયાત્રીઓને ઉતાર્યા. ત્યાર પછી ૬ જાન્યુઆરી, ૯૮ના રોજ અમેરિકા ફરીથી ભારતીય સમય પ્રમાણે સવારે આઠ કલાકે ફ્લોરિડાના કેપ કેનારવલ ખાતેથી એથેના ટુ નામનું માનવરહિત રૉકેટ ચંદ્ર તરફ છોડાયું. ચંદ્ર ઉપર વસાહત

સ્થાપવાની યોજના પણ પડતી મૂકવી પડી હતી. રશિયા અને અમેરિકા બંને દેશોએ ચંદ્ર ઉપર નજર માંડ્યા પછી અનેક અવકાશયાનો રવાના કરી ચંદ્ર વિશેની જાણકારી મેળવવા કરોડોનો ધુમાડો કર્યો. રશિયાએ ૧૯૬૮માં યુરીગાગારિનને અવકાશમાં મોકલી સૌ પ્રથમ અવકાશયાત્રી બનાવવાની સિદ્ધિ મેળવ્યા પછી ૬૯માં અમેરિકાએ ઈગલનેચંદ્રની ધરતી ઉપર ઉતાર્યું. તેમાંથી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર સૌથી પહેલો પગ મૂક્યો. એ પ છી ત્રણેક વર્ષ સુધી ચંદ્રયાત્રાઓ યોજાઈ અને સંશોધનો થયાં. ૧૯૭૨માં ઍપોલો૧૭ના અવકાશયાત્રીઓએ ચંદ્રને ગુડબાય કર્યું ત્યારથી ચંદ્રયાત્રાઓ યોજાતી લગભગ બંધ પડી ગઈ.

એ દરમ્યાન રશિયા અને અમેરિકા મળીને કુલ નવ યાનો અને ૧૨ અવકાશયાત્રીઓને ઉતાર્યા. ત્યાર પછી ૬ જાન્યુઆરી, ૯૮ના રોજ અમેરિકા ફરીથી ભારતીય સમય પ્રમાણે સવારે આઠ કલાકે ફ્લોરિડાના કેપકેનારવલ ખાતેથી એથેના ટુ નામનું માનવરહિત રૉકેટ ચંદ્ર તરફ છોડાયું.

અંદાજે ૨૫ વર્ષ પછી લગભગ ભુલાઈ ગયેલો ચંદ્ર હવે ફરી એક વાર ૨૦૦૮માં વૈજ્ઞાનિકો માટે રસનો વિષય બનીગયો હતો ચંદ્ર ઉપર પાણીના અણસાર મળતાં વિશ્વના વધુ દેશોની નજર હવે ચંદ્ર તરફ ખોડાઈ છે. ચન્દ્રયાન -૩ ના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ પછી દક્ષિણ ધ્રુવના અંધકાર ભર્યા થન્ડા વિસ્તારમાં બરફ હોવાની સંભાવના છે. આ બરફ માંથી પાણીનો વિપુલ જથ્થો મળવાની સંભાવના છે. જો પાણી મળી જાય તો તેમાંથી હાઈડ્રોજન અને ઓક્સિજન પણ મળી શકશે. વિજ્ઞાનીઓને વધુ રસ ચંદ્રના પેટાળમાં રહેલા ખનિજોમાં છે. ચંદ્રનું ભૂપેટાળ પૃથ્વી સાથેઘણું સામ્ય ધરાવે છે. તેથી પૃથ્વી પર મળતા મોટા ભાગનાંખનિજો ચંદ્ર ઉપરથી મળી આવે એવી પણ શક્યતા વિજ્ઞાનીઓને દેખાઈ રહી છે. જેમાં ખાસ કરીને એલ્યુમિનિયમ, કાચું લોખંડ,સિલિકોન તેમજ પ્રાણવાયુનો સમાવેશ થાય છે. ભવિષ્યમાં ચંદ્ર ઉપર પાણીના જથ્થા અંગે વધુ સંશોધનો હાથ ધરાશે અને ચંદ્ર ઉપર માનવવસાહત રચવાના પ્રયત્નો થાયતો બ્રહ્માંડમાં પૃથ્વી પછીનું બીજું સ્ટેશન ચંદ્ર બની જાય તો નવાઈ નહિ.

## ન્યૂઝ બ્રિફ

### મરચાના ખેતરમાં વીજળી પડતા આઠ મહિલાઓ દાઝી

। સુરત, તા.૨૬ ।

ગુજરાતના મોટા ભાગના તાલુકાઓમાં ભર શિયાળે વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત સહિતે સૌરાષ્ટ્રને પણ ધમરોળ્યું છે. રાજકોટ અને અમરેલીના અમુક વિસ્તારોમાં તો કરા પડ્યા છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતાના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, હાલ જગતનો તાત છે ચિંતામાં છે. શિયાળાની શરૂઆતમાં જ કુદરતની કહેર અને લોકોની કઠણાઈ શરૂ થઈ છે. કેમ કે ભર શિયાળે વરસાદ શરૂ થયો છે. અમદવાદના મોટા ભાગના વિસ્તારમાં કમનસીબીનો કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વરસાદ એ લોકો પર કહેર બનીને વરસ્યો છે, જેમના ઘરે પ્રસંગો લેવાયા હતા. ગુજરાતમાં અચાનક ત્રાટકેલા કમોસમી વરસાદે ૯ લોકોનો ભોગ લીધો છે, જેમાં ૮ લોકોના વીજળી પડવાથી મોત થયા છે. તો સુરતના બારડોલીમાં મઢી ગામે એક ખેતરમાં વીજળી પડતા એકસાથે આઠ જેટલી મહિલાઓ દાઝી જવાનો બનાવ બન્યો છે.

### જાફરાબાદના રોહિસા ગામમાં વીજળી પડતા બેના મોત થયા

। રાજકોટ, તા.૨૬ ।

રાજ્યમાં ૨૭ નવેમ્બર સુધી માવઠાની આગાહી છે. આ વચ્ચે ગુજરાતભરમાં રવિવારે વરસાદ થયો હતો. ગુજરાતનો કોઈ જિલ્લો બાકી નહિ હોય જ્યાં આજે કમોસમી વરસાદ આવ્યો ન હોય. હવામાન વિભાગના આંકડા અનુસાર, રાજ્યમાં સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં ૬૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ગીર સોમનાથના તલાલામાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જૂનાગઢના વંથલીમાં પણ બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આજે સવારે ૭ થી ૧૦ દરમિયાન ૭ તાલુકામાં એક ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. તો ગુજરાતમાં આજે કમોસમી વરસાદથી ૨ મોત નોંધાયા છે. એક કિશોર અને એક યુવકનું વીજળી પડતા મોત નિપજ્યું છે. તો રાજકોટમાં કરા પડ્યા છે. અમરેલીના ગાજવીજ સાથે વહેલી સવારથી માવઠું આવ્યું છે. આવામાં જાફરાબાદના રોહિસા ગામમાં વીજળી પડી હતી. વીજળી પડતા ૧૬ વર્ષના કિશોરનું મોત નિપજ્યું છે. કિશોર પાકને બચાવવા તાડપત્રી ઢાંકવા જતા તેના પર વીજળી ત્રાટકી હતી. જેથી જાફરાબાદ હોસ્પિટલ ખાતે સ્થાનિક આગેવાનો તેને લઈને સારવાર માટે દોડ્યા હતા. પરંતુ તેને મૃત જાહેર કરાયો હતો. તો બીજી તરફ, બોટાદમાં બાઈક ચાલક પર વીજળી પડતાં ૨૨ વર્ષીય યુવાનનું કરુણ મોત નિપજ્યું છે. બરવાળા તાલુકાના નાવડા ગામ અને અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના દેવપરા ગામ વચ્ચે આ ઘટના બની હતી.

### સમગ્ર રાજ્યમાં ટાઢોળું વાતાવરણ

# ગુજરાતના અનેક વિસ્તારોમાં માવઠાથી પાકને ભારે નુકસાન

**કેટલાક વિસ્તારોમાં પવનની ગતિ વધારે જોવાઈ અને કરા પડ્યા છે, ખેતરોમાં ઉભા પાકને નુકસાન થયું છે**

। અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતમાં હવામાન ખાતાએ માવઠાની સ્થિતિની આગાહી કરી હતી તે મુજબ જ ગઈકાલથી રાજ્યનું વાતાવરણ બદલાયું છે જેના કારણે અમદાવાદ સહિતના શહેરોમાં ટાઢોળું ફેલાઈ ગયું છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કરા સાથે વરસાદ પડ્યો છે જેના કારણે ખેતરોમાં ઉભા પાકને નુકસાન થયું છે. તથા માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં રાખેલો પાક પણ પલળી ગયો છે. રવિવારે સુરતમાં પવનના જોરદાર સૂસવાટા સાથે વરસાદ પડ્યો છે . શહેરના જુદા જુદા વિસ્તારોમાં સવારથી ધોધમાર વરસાદ પડ્યો છે. કતારગામ, અને રાંદોરમાં હજુ પણ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રમાં ધારી તાલુકા અને સાવરકુંડલામાં વરસાદ પડ્યો છે. તેવી જ રીતે ગીર સોમનાથ જિલ્લામાં પણ માવઠું છું. દરિયાકિનારાના વિસ્તારોમાં વેરાળવ ઉના, તાલાલામાં વરસાદ પડ્યો હતો. તેવી જ રીતે સુત્રાપાડા, ગીઢ ગઢડામાં તેજ પવન સાથે વરસાદ પડ્યો છે. રાજકોટની આસપાસના વરસાદ પણ વરસાદમાં ભીંજાયા છે.



બનાસકાંઠાના કાંકરેજ અને બીજા કેટલાક ભાગોમાં પવનનું જોર છે. જ્યારે ગોંડલમાં વરસાદના કારણે પાકને નુકસાન થયું છે તથા માર્કેટિંગ યાર્ડમાં રાખેલો પાક પણ પલળ્યો છે.

સુરત જિલ્લામાં વાતાવરણ બદલાયું છે અને ઓલપાડના ગામોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડવાથી ખેડૂતોને શેરડીના પાકને નુકસાન થવાની બીક છે. સાઉથ ગુજરાતમાં વલસાડ સહિત કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે જેના કારણે પાકને નુકસાન થયું છે. રાજકોટ નજીક જેતપુરમાં આજે ગાજવીજ સાથે કમોસમી વરરસાદ પડ્યો છે. તેના કારણે ધાણા, ચણા, જીરુ સહિતના પાકોને નુકસાન થયું છે. જુનાગઢમાં પણ વહેલી સવારથી વરસાદ પડી રહ્યો હતો. કમોસમી વરસાદના કાણે ખેડૂતોમાં ચિંતા છે. અમરેલી જિલ્લામાં પણ આજે સવારથી માવઠાની સ્થિતિ છે. ધારી તાલુકાના સરસિયા ગામે વરસાદ નોંધાયો છે. રાજકોટ નજીક શાપર- વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પણ વરસાદ પડ્યો છે જેના કારણે રસ્તા પર પાણી ભરાયા છે અને વાહન વ્યવહાર મુશ્કેલ બન્યો છે. ગુજરાતમાં કમોસમી વરસાદ પડશે તેની આગાહી પાંચ દિવસ અગાઉ જ કરી દેવામાં આવી હતી. છતાં કેટલાક ભાગોમાં માર્કેટ યાર્ડમાં પાક ખુલ્લો પડ્યો હોવાથી તેને નુકસાન થયું છે. હજુ ત્રણથી ચાર દિવસ સુધી આવી સ્થિતિ રહેવાની શક્યતા છે જેના કારણે ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ છે. રવિવારથી ગુજરાતમાં હવામાનની પેટર્નમાં મોટો ફેરફાર આવ્યો છે.

### મીડિયા બોક્સના ભુક્કા બોલી ગયા

# રાજકોટના ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમને પવનથી નુકસાન

। રાજકોટ, તા.૨૬ ।

રવિવારે અચાનક હવામાનમાં આવેલા પલ્ટાના કારણે ગુજરાતમાં ઘણી જગ્યાએ ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદ અને તેજ ગતિએ ફૂંકાયેલા પવનના કારણે રાજકોટમાં થોડા વર્ષો અગાઉ જ બંધાયેલા ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમને ભારે નુકસાન થયું છે. વરસાદના કારણે ઘણી જગ્યાએ એલિવેશનના પતરા ઉડી ગયા છે અને મિડિયા બોક્સના પણ ભુક્કા બોલી ગયા છે. હાલમાં આ નુકસાનની વેલ્યૂ જાણી શકાઈ નથી પરંતુ આ આંકડો કરોડોમાં હોય તેવી શક્યતા છે.

રવિવારે રાજકોટ, અમદાવાદ, સુરત સહિત સમગ્ર ગુજરાતમાં સવારથી વાતાવરણ બદલાઈ ગયું હતું. જેના કારણે સૌથી પહેલાં પ્રચંડ વેગથી પવન ફૂંકાયો હતો, અંધારું છવાઈ ગયું અને પછી વરસાદ પડ્યો હતો. રાજકોટમાં ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમમાં સજાવટ અને દેખાવ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ આ પવનના વેગ સામે આ ડિઝાઈનની ખામી જોવા મળી છે. તેના કારણે ઘણી જગ્યાએ પતરાં ઉડી ગયા છે અને હવે તેને તાત્કાલિક રિપેર કરવું પડે તેવી સ્થિતિ છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન હેઠળ આવતા સ્ટેડિયમમાં અત્યારે મીડિયા બોક્સ અને આસપાસની જગ્યામાં ભંગાર વેરાયેલો જોવા મળે છે. આ ઘટનામાં કોઈને સદભાગ્યે ઈજા નથી થઈ. પરંતુ પતરા અને લોખંડના એન્ગલનો કાટમાળ જોવા મળે છે. આ સ્ટેડિયમના એલિવેશન અને મીડિયા બોક્સને



ઈન્ટરનેશનલ લૂક આપવામાં આવ્યો હતો, પરંતુ પવનના જોશ સામે તેની મજબૂતી ટકી શકી નથી. આ સ્ટેડિયમમાં હાલમાં મીડિયા બોક્સ અને નીચેના ભાગમાં કાચનો ભુક્કો પથરાયેલો જોવા મળે છે. ખુરશીઓ અને એલસીડી ટીવીના પણ ભુક્કા બોલી ગયા છે. તેના પરથી અંદાજ કાઢી શકાય કે રાજકોટમાં પવનની ઝડપ કેટલી બધી વધારે હતી. રાજકોટના ખંઢેરી સ્ટેડિયમને ઈંગ્લેન્ડના લોર્ડ્સના ક્રિકેટ સ્ટેડિયમ પરથી પ્રેરણા લઈને બનાવવામાં આવ્યું છે જેના કારણે તેની ડિઝાઈન બીજા સ્ટેડિયમ કરતા અલગ દેખાઈ આવે છે. અગાઉ રાજકોટમાં તમામ ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ રેસકોર્સના મેદાનમાં યોજાતી હતી. રાજકોટમાં ૧૯૮૭માં સૌ પ્રથમ ઈન્ટરનેશનલ વનડે યોજાઈ હતી. રેસકોર્સનું સ્ટેડિયમ નાનું પડતું હતું અને ટ્રાફિકની સમસ્યા થતી હતી તેના કારણે ખંઢેરી ગામ પાસે નવું સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે જેમાં તમામ આધુનિક સુવિધાઓ ઉમેરવામાં આવી છે, પરંતુ આજના વરસાદના કારણે સ્ટેડિયમને સારું એવું નુકસાન થયું છે.

### રાસ ગરબા પહેલા મંડપ ઉડ્યો, ડીજે સિસ્ટમ પલળી

# કમોસમી વરસાદે દીકરીના લગ્નનો પ્રંસગ બગાડ્યો

**પાર્ટી પ્લોટોમાં પણ લગ્ન મંડપનો સામાન ખરાબ થવાના કારણે ડેકોરેટર્સને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે**

। સુરત, તા.૨૬ ।

ગુજરાતમાં કારતક મહિનામાં અષાઢ જેવો માહોલ જામ્યો છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત હોય કે કચ્છ, તમામ જગ્યાએ વહેલી સવારથી ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો હતો. એટલું જ નહીં રાજકોટ અને મોરબીના ગ્રામ્ય વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. ભર શિયાળે જાણે ચોમાસું જામ્યું હોય એવું વાદળછાયું વાતાવરણ આખા રાજ્યમાં જોવા મળી રહ્યું હતું. આ માવઠું ખેડૂતો માટે મુસીબત લઈને આવ્યું છે. ખેડૂતોએ પાકનું વાવેતર કરી દીધું છે ત્યારે આ માવઠું મુશ્કેલી સર્જી શકે છે. કારણ કે આ વરસાદ પાક માટે અભિશાપ બનવાની પુરી શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આવતીકાલે પણ વરસાદની શક્યતા છે. ગુજરાતના મોટા ભાગના તાલુકાઓમાં ભર શિયાળે વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત સહિતે સૌરાષ્ટ્રને પણ ધમરોળ્યું છે. રાજકોટ અને અમરેલીના અમુક વિસ્તારોમાં તો કરા પડ્યા છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતાના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, હાલ જગતનો તાત છે ચિંતામાં છે. શિયાળાની શરૂઆતમાં જ કુદરતની કહેર અને લોકોની કઠણાઈ શરૂ થઈ છે. કેમ કે ભર શિયાળે વરસાદ શરૂ થયો છે. અમદવાદના મોટા ભાગના વિસ્તારમાં કમનસીબીનો કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વરસાદ એ લોકો પર કહેર બનીને વરસ્યો છે, જેમના ઘરે પ્રસંગો લેવાયા હતા. સુરતના ઓલપાડમાં લગ્ન મંડપમાં વરસાદી પાણી ફરી વળ્યાં. ડી.જે લગ્ન મંડપ તેમજ ગ્રાઉન્ડમાં પાણી ભરાયા છે. આજે એક પરિવારમાં દીકરીના લગ્નના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ રાસ ગરબા પહેલા જ મંડપના બામ્બૂ તૂટી પડ્યા છે. જ્યારે મંડપના કાપડ પણ પવનથી ફાટી ગયા છે. લાખો રૂપિયાના ડી.જે ના સ્પીકર તેમજ ઈક્વીપમેન્ટ વરસાદમાં પલળી ગયા હતા. સુરત જિલ્લામાં ઓલપાડ તાલુકામાં કમોસમી વરસાદથી ભારે ખાના ખરાબી સર્જાઈ છે. અનેક વિસ્તારોમાં ખેતી પાક, ઘરવખરી, માલ સામાનને નુકશાની થઈ છે.

તો બીજી તરફ, ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદે લગ્ન સીઝન બગાડી છે. આ વરસાદ અનેક લોકોના લગ્નમાં વિઘ્ન બનીને આવ્યો છે. વરસાદના કારણે લગ્નમંડપનો સામાન પણ ભીંજાયો હતો. પાર્ટી પ્લોટોમાં પણ લગ્ન મંડપનો સામાન ખરાબ થવાના કારણે ડેકોરેટર્સને મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. સુરતના સરોલી મા ભારે પવન સાથે આવેલા વરસાદે તબાહી મચાવી છે. આખે આખો પતરાથી બનાવેલો તબેલાનો શેડ ઉડી ગયો હતો. શેડ ઉડીને રસ્તા પર આવી ગયો હતો. સોલાર પેનલ પર ઉખડી જતા ભારે નુકસાની થઈ હતી. ઘટનાને પગલે ઓલપાડ સરોલીનો એક સાઈડનો રોડ બંધ કરવો પડ્યો હતો પોલીસ દ્વારા શેડ હટાવાની કામગીરી શરૂ કરાઈ હતી.

### રાજ્યમાં વધુ હાર્ટ એટેકનો કિસ્સો સામે આવ્યો

# એસીબીના દરોડા દરમિયાન નિવૃત્ત કર્મચારીનું હાર્ટ એટેકથી મોત

। પંચમહાલ, તા.૨૬ ।

રાજ્યમાં વધુ હાર્ટ એટેકનો કિસ્સો સામે આવ્યા છે, પંચમહાલમાં છઝમ્ની તપાસ કાર્યવાહી દરમિયાન નિવૃત્ત કર્મચારીને હાર્ટ એટેક આવ્યો છે, ખરેખરમાં, ACBની ટીમ જ્યારે સિંચાઈ નિગમના નિવૃત્ત કર્મચારીના ઘરે તપાસ કરી રહી હતી, તે સમયે સિંચાઈના નિવૃત કર્મચારીને હાર્ટ એટેક આવ્યો હતો, બાદમાં તેને મૃત જાહેર કરાયો હતો. નિવૃત કર્મચારી પર ૨૦૧૭માં ધરમપુર અને કપરાડામાં ફરજ દરમિયાન ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હતા.

જિલ્લામાં આજે વધુ એક હાર્ટ એટેકથી મોતની ઘટના ઘટી છે. અહીં ACBની ટીમ જ્યારે સિંચાઈ નિગમના નિવૃત્ત કર્મચારીના ઘરે તપાસ કરી રહી હતી, તે દરમિયાન નિવૃત કર્મચારીનું હૃદય રોગ હુમલાને કારણે મોત થઈ ગયુ હતુ. યુસુફ અબ્દુલ રહીમ ભીખા નામના નિવૃત્ત કર્મચારીના ઘરે વલસાડ ACB ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયુ હતુ, હાર્ટ એટેક આવ્યા બાદ વેજલપુર પોલીસ મથકે લઈ જવામા આવ્યા હતા, જ્યાં હાર્ટ એટેક આવતાં ૧૦૮ દ્વારા ગોધરા સિવિલ હૉસ્પિટલ ખસેડાયા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. વલસાડ ધરમપુર ખાતે. નાની સિંચાઈ નિગમ ફરજ બજાવી વય નિવૃત થયા હતા. ખાસ વાત છે કે, વર્ષ ૨૦૧૭મા ધરમપૂર અને કપરાડા ફરજ દરમિયાન યુસુફ અબ્દુલ રહીમ ભાખા નામના આ કર્મચારી પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હતા અને આ મામલે ACB વલસાડ ખાતે ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

### શિમલા-મનાલી જેવા દ્રશ્યો આવ્યા સામે

# રાજકોટના માલિયાસણ પાસે આવેલ બ્રિજ બરફના ચાદરથી ઢંકાયો

। રાજકોટ, તા.૨૬ ।

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે વહેલી સવારથી કમોસમી વરસાદ શરૂ થયો છે. આ દરમિયાન રાજકોટમાં તો જાણે હિલસ્ટેશન જેવો માહોલ બન્યો છે. વિગતો મુજબ રાજકોટના માલિયાસણ પાસે આવેલ બ્રિજ ઉપર બરફના ચાદર પથરાઈ ગઈ છે. જેને લઈ અહીં શિમલા-મનાલી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ દરમિયાન લોકો બરફના ગોળા બનાવી એકબીજા પર ફેંકતા જોવા મળ્યા હતા.

રાજકોટના માલિયાસણના બ્રિજ ઉપર કરા સાથે વરસાદ બાદ બરફની ચાદર છવાઈ ગઈ છે. અહીં હિલસ્ટેશન જેવો માહોલ બનતા લોકો પણ પ્રકૃતિનો આનંદમાણવા માલિયાસણના બ્રિજ પર પહોંચ્યા હતા. બ્રિજ પર પહોંચી લોકો એક બીજા પર બરફના ગોળા બનાવી ફેંકીને આનંદ માણી રહ્યા હતા. બ્રિજ બરફના ચાદરથી ઢંકાઈ ગયો હોય શિમલા-મનાલી જેવા દ્રશ્યો બન્યા હતા. રાજકોટના માલિયાસણમાં કરાનો વરસાદ થયો છે. વિગતો મુજબ માલિયાસણ પાસે આવેલ બ્રિજ બરફના ચાદરથી ઢંકાઈ ગઈ છે. આ તરફ સ્થાનિકો પ્રાકૃતિક દ્રશ્યો નિહાળવા બ્રિજ પર પહોંચ્યા છે. આ સાથે મોરબી જિલ્લામાં કમોસમી વરસાદ નોંધાયો છે.

### વિવિધ શાકભાજીમાં જીવાત પડવાની ભીતિ

# વલસાડમાં માવઠાએ વધારી ખેડૂતોની ચિંતા

। વલસાડ, તા.૨૬ ।

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો. વલસાડ શહેર અને આજુબાજુના તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો. માવઠાના કારણે ખેડૂતોના તૈયાર ડાંગરના પાકમાં નુકસાન જવાની ભીતિ છે. ખેડૂતો દ્વારા તાડપત્રી ઢાંકી પાકને બચાવવાના પ્રયાસ કરી રહ્યા છે. માવઠાથી વિવિધ શાકભાજીમાં જીવાત પડવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. આગાહી વચ્ચે વહેલી સવારથી વલસાડ, પારડી, ધરમપુર, કપરાડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. બીજી તરફ કચ્છથી લઈ સૌરાષ્ટ્ર સુધી ઉત્તરથી મધ્ય અને મધ્યથી દક્ષિણ ગુજરાત સુધી માવઠાંનો માર છે. રાજ્યના ૧૫૦થી વધુ તાલુકામાં કમોસમી વરસાદનો કેર વરસ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈક્લોનિક સર્ક્યુલેશનની મજબૂત સિસ્ટમને કારણે માવઠું થઈ રહ્યું છે.

### ભારતવર્ષના ઈતિહાસની પ્રથમ ઘટના

# અદાણી પોર્ટ પર લાંગરવામાં આવ્યું સૌથી મોટું ફર્ટિલાઈઝર જહાજ

**આ અભૂતપુર્વ ઘટના કોઈ પણ બંદર પર પહેલીવાર થઈ**

। કચ્છ, તા.૨૬ ।

ભારતના અગ્રણી પોર્ટ અદાણી મુંદ્રા પોર્ટએ એક ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. અદાણી મુન્દ્રા પોર્ટ પરઅત્યાર સુધીના સૌથી મોટા ખાતર જહાંજ લાંગરવામાં આવ્યું છે. ભારતવર્ષના કોઈ પણ બંદર પર પહેલીવાર મોટું જહાંજ લાંગરવામાં આવ્યું છે. અદાણી પોર્ટનીતોતીંગ કાર્ગો ક્ષમતા હેન્ડલ કરવાની અસરકારક ક્ષમતાનીતે સિધ્ધ થઈ છે. મોરક્કોના જોર્ફ લાસ્ફર પોર્ટથી ભારે કન્સાઈનમેન્ટ સાથે મહાકાય સ્ફ પેટ્રિશિયા ઓલ્ડેન્ડ્રોફ જહાજ રવાના કરવામાં આવ્યું હતું. જહાજમાં ૧૦૦૨૮૨ ર્ ડી-એમોનિયમ ફોસ્ફેટ (ઢછઁ -ખાતર) લોડ કરવામાં આવ્યું હતું. કોઈપણ ભારતીય પોર્ટ પર હેન્ડલ કરાયેલ અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો છે. ભારતના સૌથી વ્યસ્ત બંદરોમાંનું એક મુંદ્રા અદાણી પોર્ટસ ફરી એકવાર ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યુ છે.મોરક્કોના જોર્ફ લાસ્ફરપોર્ટથીભારે કધસાઈનમેન્ટસાથેમહાકાય ખટ પ`ટ્રિશિયા ઓલ્ડેન્ડ્રોફજહાજરવાના કરવામાં આવ્યું હતું. જહાજમાં ૧૦૦૨૮૨ મેટ્રીન ટન ડી-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી -ખાતર) ભરાયું છે.

# નળ સરોવરમાં શિયાળામાં ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાનના લાખો પક્ષીઓ આવે છે

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક અંદાજે ૭૦ કિલો મીટરના અંતરે આવેલું છે નળ સરોવર. નળ સરોવર એક પક્ષી અભયારણ્ય છે, જે ૧૨૦.૮૨ ચોરસ કિલોમીટરના વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલું છે. જે ૪ થી ૫ ફૂટ ઉંડા છીછરા પાણીથી ભરેલું છે. નળ સરોવરમાં એક શાંત માર્શલેન્ડ છે જેમાં ૩૬ નાના ટાપુઓ આવેલાં છે. નળ સરોવરને ગુજરાતનું સૌથી મોટું પક્ષી અભયારણ્ય પણ કહેવામાં આવે છે. ૩૦૦ થી વધુ પ્રકારના પક્ષીઓ મુખ્યત્વે આ તળાવમાં વસે છે અને ત્યાંથી સાઈબેરીયા આવે છે. ગુજરાતનું એક એવું સ્થળ જ્યાં ઈરાન, ઈરાક અને અફઘાનિસ્તાનમાંથી ૩૦૦થી વધુ પ્રજાતિના લાખો દુર્લભ પક્ષીઓ દર વર્ષે શિયાળામાં બને છે મહેમાન. પક્ષી પ્રેમીઓ માટે નળ સરોવર સ્વર્ગ સમાન છે. નળ સરોવરમાં તમને ગુલાબી પ`લિકન, મોટા ફલેમિંગો, કેક્સ, બ્રાહ્મણ બતક, જાંબુડિયા મૌરહેન, હર્ન્સ, સફેદ સ્ટોર્ક, વિવિધ જાતના કડવા, ગ્રીબ જોવા મળશે. આ અલગ અલગ અંદાજે ૩૦૦થી વધુ પ્રજાતિના લાખો પક્ષીઓ અહીં શિયાળામાં જોવા મળે છે. શિયાળા દરમિયાન આ સ્થળની મજા માણવા મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડતા હોય છે. કારણકે, આ સમયગાળા દરમિયાન મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓ પણ અહીં વિસામો લેવા આવતા હોય છે. છેક ઈરાન અને અફઘાનિસ્તાન ને વિંધિંને પક્ષીઓ અહીં સુધી આવે છે. આ સરોવર પક્ષીવિદો અને અભ્યાસીઓ માટે અતિ રોમાંચક છે. અનેક જાતના પક્ષીઓને એકસાથે જોવા હોય તો તમારે એકવાર નળ સરોવર આવવું જ પડશે. જોકે, તમે આ સુંદર સ્થળની મુલાકાત લેવા માંગતા હોવ તો તમારે વહેલી સવારે જ અહીં આવવું જોઈએ. પક્ષીઓને જોવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવાર અને સમી સાંજનો છે. અહીં નૌકાવિહાર કરીને તમે નાના-મોટા ટાપુઓનું નિરીક્ષણ કરી શકો છો. ચોમાસાની સિઝનમાં પણ તમે આ રમણીય સ્થળની મજા માણી શકો છો. ચોમાસા દરમિયાન સરોવરનું પાણી એકદમ સ્વચ્છ થઈ જાય છે. બોટ રાઈડમાં પ્રારંભ બિંદુથી ધ્રાબલા આઈલેન્ડ સુધીની સફર અને ત્યાંથી પરત લાવવામાં આવે છે. અહીંના વોચ ટાવર પરથી તમે આખાય નળસરોવરનો એરિયલ વ્યૂ માણી શકો છો. અહીં નાના-નાની ઝૂંપડીઓમાં તમે બાજરીનો રોટલો, દેશી સબજી સાથે કાઢિયાવાડી થાળીની મજા પણ માણી શકો છો. ફોટોગ્રાફીના શોખીનો માટે પણ આ સ્થળ બેસ્ટ છે. સાણંદથી ૩૬ કિલો મીટર દૂર અને નળ સરોવરથી જતા રસ્તા પર બર્ડ સેન્ચુરી પહોંચતાના ૫ કિલો મીટર પહેલાં જ રસ્તામાં “ઉજાણી ઘર” આવે છે. તમે નળ સરોવર આવ્યાં હોવ તો આ સ્થળ પર તમને બાજરીનો રોટલો, બેંગન ભરથાં, મેથી, ભરેલાં મરચાં, માખણ, કડી, ખીચડી, કચુમ્બર અને છાશની અનલિમિટેડ ડીશની મજા માણી શકો છો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો




આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨